Gyan Amrit
જ્ઞાનામૃત

Vol.12 - Issue 11
November 2019
Price 12/-

વડોદરા અટલાદરા ખાતે 'મેડીકલ કેમ્પ'માં મ્યુ. કમિશનર ભ્રાતા નલિનભાઈ ઉપાધ્યાય IAS, પોલીસ કમિશનર ભ્રાતા અનુપસિંહ ગહેલોત IPSને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. અરુણાબેન.

નવસારી કૃષિ યુનિવર્સિટીમાં 'રાષ્ટ્રીય પોષણ સપ્તાહ'નું ઉદ્‌ઘાટન કરતાં બ્ર.કુ. ગીતાબેન, કુલપતિ ભ્રાતા સી.જે. ડાંગરીયા, ડાયરેક્ટર ભ્રાતા ચંદુભાઈ, નારી સેવા સમિતિના રસીદાબેન, ભગિની આશાબેન.

સોનગઢમાં 'નનામી દેવી નર્મદા મહોત્સવ' કાર્યક્રમમાં ઈશ્વરીય સંદેશ આપતાં બ્ર.કુ. સુભદ્રાબેન, નગરપાલિકાના પ્રમુખ ભગિની વૈશાલીબેન, પંચાયતના પ્રમુખ ભ્રાતા ચિંતનભાઈ તથા અગ્રણીઓ.

કચ્છ–મુદ્રા ખાતે 'મેરા ભારત સ્વચ્છ ભારત' કાર્યક્રમમાં સ્વચ્છતાનો સંદેશ આપતાં બ્ર.કુ. સુશીલાબેન જીંદાલના HR પ્રમુખ ભ્રાતા જગરનાથ પ્રસાદ, GM મીકેનીઝમના ભ્રાતા પરીંદાભાઈ, PI જસુભાઈ.

આણંદના લોકસભાના સંસદસભ્ય ભ્રાતા મીતેશભાઈ પટેલને જન્મદિવસની શુભેચ્છા તથા સૌગાત આપતાં બ્ર.કુ. ગીતાબેન.

મુંબઈ મલાડના સાંસદસભ્ય ભ્રાતા ગજાનંદ કિર્તીકરને ઈશ્વરીય નિમંતણ આપી જ્ઞાનચર્ચા કરતાં બ્ર.કુ. શોભનાબેન.

ગોધરામાં ઓર્થોપેડિક હોસ્પીટલના શુભમૂહુર્ત બાદ ડૉ. ઝીલ પટેલ, ડૉ. નિરવભાઈ સાથે બ્ર.કુ. રેખારાણીબેન, બ્ર.કુ. શૈલેષભાઈ.

ગોંડલ ખાતે આયોજીત 'શિવજ્યોતિ આરતી' કાર્યક્રમમાં પધારેલ સ્વામી નારાયણ મંદિરના હરી સ્વામીજી, બ્ર.કુ. ભાવનાબેન.

Gyan Amrit
જ્ઞાનામૃત

વર્ષ ૧૨ નવેમ્બર-૨૦૧૯ અંક : ૧૧

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર

અમૃતસૂચિ

- બહાનાંબાજી - કારણ અને નિવારણ ....તંત્રી સ્થાનેથી ..04
- અમૃતધારા ....દાદી જાનકીજી ..07
- પ્રસન્નતાના પથ પર ....બ્ર.કુ. શિવાનીબેન ..08
- વ્યક્તિત્વ વિકાસ માટે ....બ્ર.કુ. સૂર્યભાઈ ..09
- સંબંધોના સંસારમાં પરિવર્તન ....બ્ર.કુ. ગીતાબેન ..11
- શાંતિવન, મુખ્યાલયની મધ્યસ્થ કમીટીના સભ્યો 14
- પવિત્રતાનું પ્રથમ સંતાન - શાંતિ ....બ્ર.કુ. કિશોર ..16
- રાજયોગ દ્વારા સ્વર્ણિમ પ્રભાત ....બ્ર.કુ. ગોદાવરીબેન ..17
- એક અનોખો અનુભવ નિરાશામાં ....બ્ર.કુ. ગૌરીબેન ..18
- ઘણા દિવસો ગયા, થોડા રહ્યા ....બ્ર.કુ. વિદ્યા ..19
- વર્ષ 2020 માટે જરૂરી સુચના 19
- ચિંતનકણિકા ....ભ્રાતા પી.એમ. ..20
- ખુશી ....બ્ર.કુ. જયુભાઈ ..21
- આપણી ગાગરને સાગર પાસે તો ....બ્ર.કુ. અનિલ ..23
- પ્રકૃતિનાં પાંચ તત્ત્વો અને મહતત્ત્વ ....બ્ર.કુ. કેશુભાઈ ..24
- ચિંતન ....બ્ર.કુ. પિનાક ..27
- માનવ આત્માનું પરિવર્તન ....બ્ર.કુ. જીવણભાઈ ..28
- સકારાત્મક વિચાર ....બ્ર.કુ. મધુબેન ..30
- દિવ્યદર્શન ....બ્ર.કુ. નંદિનીબેન ..32
- જીવનને સુખમય બનાવીએ ....રામેશ્વર દયાળ દુબે ..34

લવાજમના દર

ભારતમાં

વાર્ષિક લવાજમ	રૂ.	૧૧૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૨,૦૦૦.૦૦
છૂટક નકલ	રૂ.	૧૨.૦૦

વિદેશમાં

એરમેઈલ વાર્ષિક	રૂ.	૧,૧૦૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૧૦,૦૦૦.૦૦

કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
Phone : 079 - 2762 0866

મુદ્રક અને પ્રકાશક
રાજયોગિની ભારતીદીદી

સ્થાનિક સેવાકેન્દ્ર

આવશ્યક નોંધ

લવાજમની રકમનો ડ્રાફ્ટ નીચેના નામે લખશો.

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય (ગુજરાતી જ્ઞાનામૃત)

Account No. : **032910001801**

Bank Name : **Dena Bank, Pushpkunj Branch** IFSC Code : **BKDN0110329**

પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય

બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.

Phone: 079 - 2532 4460, 2532 4660

Email : gyanamrit.guj@gmail.com

તંત્રી સ્થાનેથી

બહાનાંબાજી - કારણ અને નિવારણ

કારણ

આજના સમયનું જો કોઈ મોટામાં મોટું દૂષણ હોય, તો તે બહાનાંબાજીનું છે. દરેક ક્ષેત્રોમાં તેનો પ્રભાવ દેખાય છે. **બહાનાં કાઢવાથી થોડા સમય માટે રાહત મળે છે પણ જો તે ટેવ, સંસ્કાર બની જાય છે તો તે જીવન માટે ઘાતક નીવડે છે. પોતાની નિષ્ફળતા, અયોગ્યતા, આળસ, બેદરકારી છુપાવવા માટે બહાનાંબાજીનો આશ્રય લેવામાં આવે છે.**

એક સમય હતો જ્યારે મૂલ્યોસભર, શ્રેષ્ઠ ચારિત્ર્યવાળા, પોતાના સ્વીકારેલા કાર્યમાં સમર્પિત જીવન જીવનારા નેતાઓ અને લોકો હતા. આવા મહાન આત્માઓનાં ત્યાગ, તપસ્યા, સેવા, સમર્પણ, બલિદાનના કારણે દેશને આઝાદી મળી. પણ ત્યાર પછી ગાંધીજી અને અન્ય નેતાઓના વિચારો મુજબ કંઈ થયું નહીં. માત્ર ભૌતિક પ્રગતિ અને વિકાસ એ જીવનનું સર્વસ્વ નથી પણ સર્વાંગી શ્રેષ્ઠ જીવન એ મોટામાં મોટી મૂડી છે.

આજે કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, આળસ, ઈર્ષ્યા, દ્વેષ, ઘૃણા, તિરસ્કાર, વિશ્વાસઘાત, છેતરપીંડી, ગુનાખોરી, નૈતિક ચારિત્રિક અધઃપતન ભ્રષ્ટાચાર, શોષણ, મહિલા બાળકો અને અન્ય વ્યક્તિઓ સાથે થતાં કુકર્મો વગેરેનું લીસ્ટ ઘણું લાંબુ છે. તેમાંયે વળી અધિકાર માટે જાગૃતિ અને ફરજ માટે બેદરકારી જોવા મળે છે. **સમાજને કંઈક આપવાને બદલે સમાજ પાસેથી વિશેષ લેવાની મનોવૃત્તિએ આ સોહામણી ધરાને નરક બનાવી દીધી છે.**

વિદેશોમાં ખામીઓ હોવા છતાં સચ્ચાઈ, સફાઈ, પારદર્શી જીવન જીવનાર, પરોપકારી, દાતા માનવો મળે છે. તેઓ પ્રસિદ્ધિનાં ઢોલ પીટ્યા વગર પોતાનું કાર્ય કરે રાખે છે. **માત્ર પ્રાચીન, ગૌરવશાળી વારસાને, સંતો, મહંતો, મહાન પુરુષોને યાદ કરવાથી જ મહાન બની શકાશે નહીં. વર્તમાનમાં આપણે શું કરી રહ્યાં છીએ તેના આધારે જ ઉત્થાન યા પતન થાય છે. તેમાં જો પરિવર્તન લાવવું હોય તો બહાનાંબાજી છોડવી પડશે. નક્કર, પરિણામલક્ષી, જનતા અનુભવી શકે તેવાં કાર્યો કરવાં પડશે.**

દેશના કેટલાયે રાજાઓ, મહાન પ્રતિભાઓ એમનાં ગુણો, વિશેષતાઓ, શ્રેષ્ઠ કાર્યોથી લોકોનાં હૃદયમાં સ્થાન મેળવતા હતા. આજેય લોકો તેમને યાદ કરી, વર્તમાન જીવનને જોતાં વ્યથા અનુભવે છે. સમય, સંજોગો, વાતાવરણ, પરિસ્થિતિને દોષ આપવા કરતાં આત્મમંથન કરવાની જરૂર છે. मुखडा देख ले प्राणी जरा दर्पण में..

આજે ટૂંકા રસ્તાઓ અપનાવી ગમે તે માર્ગે સત્તા, સમૃદ્ધિ, કીર્તિ મેળવવાના પ્રયાસો થાય છે. મીડિયા દ્વારા પ્રસિદ્ધિ મેળવીને ખોટાં કાર્યો કરનાર અનેક લોકોને રડાવે છે, બરબાદ કરે છે. તેની કોઈને પરવા નથી. આપણે વચન પાલન, કથની અને કરણીની ભિન્નતા, શો બાજી, ભાડૂતી માણસો દ્વારા કરાતી મહિમા જેવાં અનેક અનિષ્ટોના શિકાર બન્યા છીએ. આજે જો કોઈ ઊણપ હોય, તો તે નિર્ભયતાની સારા ચારિત્ર્યની ત્યાગની છે.

જ્યોર્જ વોશિંગ્ટનના શબ્દો છે, **'ખોટાં બહાનાં કાઢતાં પહેલાં કોઈ બહાનું ન કાઢવું એ**

વધારે સારું છે.'

બહાનાંબાજી દ્વારા કોઈને સદાને માટે છેતરી શકાતા નથી. જો અનિવાર્ય નક્કર કારણો વિના બહાનાંબાજીનો આશ્રય લેવામાં આવે તો તે પતનનું કારણ બને છે. **બહાનાંબાજી કરનાર કદી મહાન બની શકતો નથી.** વિશેષતાઓ, યોગ્યતા અને સિદ્ધિઓ એમનાથી સો યોજન દૂર રહે છે. **આજના વિષમ સમયમાં મૂલ્યોને, આદર્શોને, સિદ્ધાંતોને ધારણ કરીને જીવવાનું કપરું બન્યું છે.** છતાં જીવનારા તો તે પ્રમાણે જીવે છે.

નિવારણ

અમૃતવેળા અને સ્વસ્થિતિ

બ્રહ્માવત્સોએ કોઈપણ પ્રકારનાં બહાનાંથી બચવા માટે અમૃતવેળાનો શક્તિશાળી યોગ કરવો જરૂરી છે. જો સ્વસ્થિતિ ઉપર ધ્યાન રહેશે તો કોઈ વિકટ પરિસ્થિતિ તથા બહાનું કાઢવાનો સમય રહેતો નથી.

સ્પષ્ટવક્તા બનવું

આપણે આપણો સમય, શક્તિ, અનુકૂળતા વગેરે ધ્યાનમાં રાખીને જવાબદારી સ્વીકારતાં પહેલાં સ્પષ્ટવક્તા બનવું જરૂરી છે. તેથી કોઈપણ બહાનું કાઢવાનો સમય રહેશે નહીં.

દૈનંદિની બનાવવી

દિવસ દરમિયાન કાર્ય કરવાની યાદી આપણે અમૃતવેળાએ નક્કી કરી દેવી જોઈએ. જેથી દરેક કાર્યને ન્યાય આપી શકીએ. બ્ર.કુ. મોહનભાઈ સિંઘલ પાસેથી હું આ શીખ્યો છું. દૈનંદિની રાખવાથી સમયનો પણ સમુચિત ઉપયોગ થાય છે.

શક્યતાઓ તપાસો

જ્યારે આપણે કોઈ જવાબદારી સ્વીકારીએ ત્યારે આપણી કૌટુંબિક, શારીરિક, આર્થિક, સમયની તસ્વીર સામે રાખીને સ્વીકારીએ. વચન આપવામાં પણ સતર્ક રહીએ. નિર્ણયશક્તિ, પરખશક્તિ દ્વારા માનવ સ્વભાવ, સંસ્કારનું યથાર્થ પરીક્ષણ કરીને સંપર્કમાં આવવું જોઈએ. જેથી કોઈ બહાનું ના રહે.

પરાવલંબી ના બનીએ

આપણે આપણી શક્તિઓ, યોગ્યતાઓ, સંબંધો, ક્ષમતા મુજબ પ્લાનીંગ કરવું જોઈએ. કોઈને પણ લાગણીસભર બનીને ખાત્રી ના આપીએ. જેથી તે કાર્ય થઈ ના શકતાં બહાનું કાઢવાથી મુક્ત બની શકીએ. પછેડી પ્રમાણે સોડ તાણો એ ઉક્તિને યાદ રાખીએ.

વિચારીને ડગ માંડવાં

જ્યારે એક કામ પૂરું થાય ત્યારે બીજું કરવું. એકી સાથે ઘણાં બધાં કાર્યો કરવાથી તે તમામને ન્યાય આપી શકાતો નથી તેથી બહાનાંબાજીનો આશ્રય લેવો પડે છે. આવી પરિસ્થિતિને ટાળવા માટે બધું વિચારીને ડગ માંડીએ.

તમારી ટીમ ચકાસણી કરીને પસંદ કરો

જે વ્યક્તિ, સંસ્થા કે સમૂહ સિદ્ધિઓને પામ્યાં છે તેઓ એમની વિશ્વાસપાત્ર, કાર્યદક્ષ, કર્તવ્યનિષ્ઠાવાળી, સારા ચારિત્ર્યવાળી ટીમને કારણે છે. બહુવિધ પ્રતિભા સંપન્ન ટીમ યશસ્વી સફળતા અપાવે છે. પોતાની પ્રશંસા જ કરે તેવા ભક્તોની ટીમ સરવાળે નુકસાન જ કરે છે. વિરોધી મંતવ્યને પણ સમજવાની, સ્વીકારવાની તત્પરતા હોવી જોઈએ. માત્ર પ્રશંસા જ મેળવવાનું વલણ ખતરનાક સાબિત થાય છે.

જોન સેલ્ડન કહે છે, **'કાયદાની અવગણના કરીને કોઈ બચી શકતું નથી. એવું નથી કે દરેક વ્યક્તિ કાયદો જાણે છે, પરંતુ તે**

ખબર ન હોવાનું બહાનું જરૂર બનાવે છે.'

જીવન સચ્ચાઈ, સફાઈવાળું, પારદર્શી હોવું જોઈએ. **મન, વાણી અને કર્મની એકરૂપતા હોવી જરૂરી છે.** મંચ ઉપરની વાણી અને વ્યવહાર જીવનમાં એકરૂપતા જરૂરી છે. **મોટા કામોને સૌને સાથે રાખીને કરીએ તો સફળતા મળશે.** સંગમયુગમાં પરમાત્મા મિલન થયું. **સંગમયુગનાં થોડાં વર્ષો બાકી છે.** હવે કરવા જેવો પુરુષાર્થ હોય, તો તે બ્રાહ્મણ સો ફરિશ્તા બનવાનો છે. **સંપૂર્ણ કર્માતીત બનવાનો છે.** બાકી રહી ગયેલા આત્માઓને ઈશ્વરીય સંદેશ આપવાનો. **મનસા સેવા કરવાનો છે.** ભગવાન મળ્યા પછી ભૌતિકતાની દોડમાં ભગવાન અને એમની શ્રીમત ના ભૂલાય તેની સાવધાની રાખવાની જરૂર છે. **શિવબાબાએ આપણને સર્વાંગી જ્ઞાન આપ્યું છે તેથી હવે કોઈપણ પ્રકારની બહાનાંબાજી ચાલી શકે તેમ નથી.**

॥ ઓમશાંતિ ॥

- બ્ર.કુ. કાલિદાસ

(પેજ નં. 08નું અનુસંધાન)... **પ્રસન્નતાના પથ**

એણે એ સમયે પોતાની સમજણ પ્રમાણે સારું જ કર્યું હતું. કોઈ પરિસ્થિતિમાં નિર્ણય ખોટો લેવાયો. પરંતુ વ્યક્તિ નહીં. આવી બાબતો સંબંધોમાં કડવાશ જન્માવે છે. બાળકો જો સારા માર્કસ ના મેળવે તો પતિ પત્ની એકબીજા ઉપર દોષારોપણ કરે છે. આ કોઈ હરીફાઈ નથી. આપણે એને ખોટો અને આપણે સાચા એવું સિદ્ધ કરવા ઈચ્છીએ છીએ. આપણે કદીપણ એના માટે જિદના કરીએ. જેની ભૂલ થાય છે એ પોતાને દોષિત તો માને જ છે. આપણો એના પ્રત્યેનો વ્યવહાર એ હોવો જોઈએ કે આપણા વ્યવહારથી એને સુખ આપીએ ? જેથી એ ભૂલના દર્દમાંથી મુક્ત થઈ શકે.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 10નું અનુસંધાન)... વ્યક્તિત્વ વિકાસ

નિભાવી શકશે. દેશને પણ સંભાળી શકશે.

રૂપેશભાઈ - મેં ક્યાંક વાંચ્યું હતું કે એક લેખક રોડ ઉપર ચાલનાર નાના છોકરાને પોતાના ઘેર લઈ ગયા. લેખકે એને ઘરની સફાઈનું કામ સોંપ્યું. એ છોકરાએ ઘણી સારી સફાઈ કરી. લેખક એનાથી એટલા પ્રભાવિત થયા કે એમણે એને સ્કૂલમાં દાખલ કરાવ્યો. આગળ જતાં એ છોકરો પણ લેખક બની ગયો.

સૂર્યભાઈ - બાબા પોતાની જીવનકહાનીમાં સંભળાવતા હતા કે બાબા એક ઝવેરીને ત્યાં નોકરી માટે ગયા હતા. એમણે પોતાનું કાર્ય એટલું પ્રામાણિકતાથી કર્યું કે ઝવેરીએ એમને ભાગીદાર બનાવ્યા. આમ બાબા ધીરે ધીરે પ્રસિદ્ધ ઝવેરી બની ગયા. તમને સોંપાયેલી જવાબદારી નાની હોય કે મોટી એ વ્યક્તિત્વ માટે ઘણી જરૂરી છે.

રૂપેશભાઈ - તો જવાબદાર બનીને કાર્ય કરીએ. આપણે ત્યાં કર્મને પૂજા માનવામાં આવે છે તો કાર્ય શ્રદ્ધાથી પૂજાભાવથી કરીએ. આ આપણા વ્યક્તિત્વને શોભાવશે. ઘણા આગળ વધારશે.

॥ ઓમશાંતિ ॥

(પ્રસ્તુતિ - બ્ર.કુ. રૂપેશ)

(પેજ નં. 13 અનુસંધાન)... **સંબંધોના સંસારમાં**

બની જશે. જો આપણે પોતાના આંતરિક વિકાસ પર સ્વનિર્ભર નહીં બનીશું તો બીજાઓ સાથે સંબંધ માટે ઝઝૂમવું પડશે. અપેક્ષા સંતોષાતી નથી તો ડીપ્રેશન, પીડા, અનિદ્રાથી એકલવાયા દિવસો વીતાવા પડશે. યાદ રાખીએ કે,

હમ ઈશ્વર કે, ઈશ્વર હમારા રક્ષક,
યહ ભરોસા છૂટે નહીં.
જો કુછ હોતા, કલ્યાણકારી હોતા,
યે નિશ્ચય ભૂલે નહીં.

॥ ઓમશાંતિ ॥

અમૃતધારા

ત્યાગ - તપસ્યાની મૂર્તિ બનો તો સેવા એની મેળે થતી રહેશે

રાજયોગિની દાદી જાનકીજી, મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ

બાબાના દિલને ખુશ કરવા માટે, બધી ઉંમર સફળ કરવા માટે સેવામાં ઉપસ્થિત થયાં છીએ. બીજી કોઈ વાત યાદ આવતી નથી પણ બાબાનાં સારાં સારાં મહાવાક્યો જરૂર યાદ આવે છે. હું કોઈ ફિકર કરતી નથી, ભારે બનતી નથી. કોઈ સમયે ભારે થઈ જવાય, છતાં પણ જલદીથી પળમાં હળવા થઈ જાઓ. કંઈ વાત નહીં. જવા દો. શાંતિથી કામ લો. આ અભિનય નથી રોયલ રાજાઈ છે. બાબા કંઈ કર્યા વિના રાજા બન્યા નથી. બાબાને ગાળો પણ ખાવી પડી. બાળકોના પણ કેટલાય પ્રકારના ખેલ જોયા. સારાં સારાં બાળકો જે બાબા બાબા કહેતાં હતાં તેઓ કહેવા લાગ્યાં. કોણ બાબા હું તો જાઉં છું. બાળકો મને પણ કહેવા લાગ્યાં તમે સર્વ મૂર્ખ છો. તમે તમારું જીવન ગુમાવો છો. તમે તમારા માટે તો વિચારો. આવાં સારાં સારાં બાળકોને પણ સંશયબુદ્ધિ બનતાં જોયાં છે. એનાથી બચવા માટે સંગ અને અન્નની બહુ જ સંભાળ કરવી જોઈએ.

બાબાએ જે પરેજી જણાવી છે તે મુજબ જેટલા પરેજી પાળીશું તેટલો ફાયદો છે. પહેલાં પહેલાં, જ્યારે સેવામાં નીકળ્યાં ત્યારે કંઈજ ખાવાનું નહોતું. માત્ર રોટલી અને મીઠું ખાતાં હતાં. છતાં પણ તે ઘણા પ્રેમથી ખાતાં હતાં. એ દિવસોમાં આ બધું સારું લાગતું હતું. ત્યાગ તપસ્યાથી જે સેવા થઈ છે તે અત્યારે પણ કામમાં આવી રહી છે. પોતાની મેળે જ ઈચ્છીએ તે બની જાય છે. ક્યારેય ભૂલથી પણ કંઈ માંગવું પડતું નથી. પહેલાં ટૂથપેસ્ટ, બ્રશનો પણ ઉપયોગ કરતાં નહોતાં. લીમડાનું દાતણ કરતાં હતાં. જે બાબા કહેતા હતા તે કરતાં હતાં. અત્યારે પણ એ જ કહું છું કે સમય અને સંકલ્પ સફળ કરો. મારો એક પણ સંકલ્પ નકામો ના જાય. બાબા કહે છે કે હું બેઠો છું ને સર્વ કાંઈ થઈ જશે. મોટી વાત નથી એનો અનુભવ કરો.

સ્વયં પરમાત્મા આપણી સેવાથી હાજર છે. બાબા આપણને મદદ કરે છે તેથી તો આપણે બાબાનાં મદદગાર બન્યાં છીએ. મારું એ ભાગ્ય છે કે તમે મને આવી ભઠ્ઠીમાં બોલાવો છો. કોણ જાણે કાલે હોઈશ કે કેમ ? તો આપ સૌની ઉંમર પણ સફળ થઈ જાય. માત્ર ત્યાગ અને તપસ્યાની મૂર્તિ બનો તો સેવા એની મેળે વધતી જશે. ઘણા પ્રકારની સેવાઓ થઈ છે પણ તે સુખ, શાંતિ, પ્રેમથી થઈ છે. જેવી અમે સેવાઓ કરી છે તેવી સેવા નિમિત્ત બનીને કરો. સૌને સાથે રાખીને સેવા કરશો તો કોઈ પ્રશ્ન નહીં રહે. અત્યારે ગહન પુરુષાર્થ કરીને એકબીજાને સંતુષ્ટ કરવાની આ પળો છે હવે ગુપ્ત પુરુષાર્થી, તીવ્ર પુરુષાર્થી, રોયલ પુરુષાર્થી બનો.

॥ ઓમશાંતિ ॥

- **દૃષ્ટિને અલૌકિક, મનને શીતળ અને બુદ્ધિને રહેમદિલ બનાવો.**
- **હૃદયના બાગમાં પ્રભુ વીણા તુજ પ્રેમની વાગી સંકટ રૂપી કંટક ગયા લગની તુજ નેહની લાગી.**

પ્રસન્નતાના પથ પર

નિરાશ ના થાવ

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા

આપણે જો ક્રોધને રોકીશું નહીં તો તે નિરાશાના રૂપમાં બદલાઈ જાય છે. ઘણીવાર આપણે કહીએ છીએ આજે હું બહુ નિરાશ થઈ ગયો છું. મારી ચીજો મારા અનુસાર બનતી નથી ત્યારે નિરાશા થાય છે. એમાં પણ આપણે બીજા લોકોને બદલવાની કોશિશ કરીએ છીએ. પરિસ્થિતિઓને સંભાળવાની કોશિશ કરીએ છીએ. એના માટે મારે સ્વયંને સમજાવવું પડશે કે લોકો અને પરિસ્થિતિ પોતાની રીતે ચાલ્યા કરશે. મારી ભૂમિકા એ જ છે કે હું એમને સલાહ આપું, માર્ગદર્શન આપું. એના પછી હું સ્વયંને રોકી દઉં.

કેટલીકવાર આપણને બીજાઓ પ્રત્યે ગુસ્સો આવે છે તો આપણે એને એટલું વધારે લઈએ છીએ કે આપણને ગુસ્સા સિવાય કંઈ દેખાતું નથી. કોઈએ મારી સાથે ખોટો વ્યવહાર કર્યો છે, કોઈએ મારી સાથે દગો કર્યો છે, કોઈએ મારા જીવનને બરબાદ કરી દીધું છે તો એના કારણે મને ગુસ્સો આવે છે. તે વ્યક્તિ મને ગમતી જ નથી. એની કોઈ વાતનો મારા ઉપર એટલો પ્રભાવ પડ્યો છે કે હું જીવનભર ભૂલી શકતી નથી.

વાસ્તવમાં તેને હું ભૂલવા જ નથી ઈચ્છતી. કેટલીક વાર એ જિદ મારા જીવનનું લક્ષ્ય બની જાય છે. આપણે એવું કહીએ છીએ કે લાગેલો ઘા વિસરાતો નથી, એ જ સારું છે. પરંતુ ઘા જો તેજ રહ્યો અને દરેક વખતે યાદ આવતો રહ્યો, તો એ ઘાની હાલત શું થશે. દરેક વખતે આપણે આ તપાસવું પડશે કે વાતને પકડી રાખવાથી નુકસાન કોને થાય છે ? કોઈ વાતને પકડી રાખવાથી વાસ્તવમાં મને જ નુકસાન થાય છે. આપણે એ બધી વાતોને આપણા માટે જ ભૂલીએ. બીજાઓ માટે નહીં. આપ પોતાના કલ્યાણ માટે એ વાતો ભૂલી જાઓ. જેની સાથે આપણે દરરોજ સાથે રહેવાનું છે એમના પ્રત્યે ગુસ્સો આવે છે. જો આ વાતોને અંદરને અંદર રાખીશું, તો એ મોટું પ્રશ્ન ચિન્હ છે. આવી પરિસ્થિતિમાં આપણે માનસિક સ્થિતિ કેવી રહેશે ?

મારી અપેક્ષાઓ પૂરી ના થઈ પણ મારા ગુસ્સાને કોઈ વ્યાજબી કહેશે નહીં. આપણે સાથે રહેવાનું છે છતાં નકારાત્મક ઉર્જાની સાથે આપણે કાર્ય કરીએ છીએ. આપણે આપણા મસ્તિષ્કમાં જે રાખીશું તેજ બહાર આવશે. જેના કારણે પરસ્પરના સંબંધોમાં અંતરાય પેદા થશે. કેટલીકવાર આપણે એ વાતને શોધવાની કોશિશ કરીએ છીએ કે આવી પરિસ્થિતિ કેમ આવી ? એની પાછળ આપણો ઉદ્દેશ્ય શું હોય છે ? આપણે એને બતાવવાની કોશિશ કરીએ છીએ કે આ તારી ભૂલ છે. હું સાચો છું. એની ભૂલનો એ એકરાર કરે તેવી આપણે અપેક્ષા રાખીએ છીએ. આ શિખામણ કોના માટે છે ? વીતેલી ઘટનાનું વિવરણ કોના માટે થઈ રહ્યું છે ? માત્ર એને સમજાવવા માટે.

જ્યારે આપણે બેસીએ છીએ ત્યારે આપણી ઉર્જાની કક્ષા એ હોય છે કે હું એને સમજાવી દઉં. તમે ખોટા છો. એમણે ખોટું સમજીને કર્યું નહોતું.

(અનુસંધાન પેજ નં. 06 પર)

વ્યક્તિત્વ વિકાસ માટે દરેક કાર્ય પૂજાની જેમ કરીએ

બ્ર.કુ. સૂર્ય, જ્ઞાન સરોવર, માઉન્ટ આબુ

વર્તમાન સમયે સમાજની અનેક સમસ્યાઓનું મૂળ કારણ છે વ્યક્તિઓ દ્વારા પોતાના કાર્યો પ્રત્યે બેદરકારી અને શિસ્તનો અભાવ. આ વાતોને જન્મ આપીએ છીએ. પોતાના સંપર્કમાં આવનાર અનેક લોકો માટે વિઘ્નનું કારણ બની જઈએ છીએ. આ વાતો ઉપર ધ્યાન ન આપવાથી આપણી આસપાસનું સમગ્ર વાયુમંડળ પ્રદૂષિત બની જાય છે. જે પરસ્પર કટુતા અને વૈમનસ્યને જન્મ આપે છે. આ વાતોને ધ્યાનમાં રાખીને આપણે આપણા વ્યક્તિત્વને ઘણું શ્રેષ્ઠ બનાવી શકીએ છીએ. આ સર્વ બિંદુઓ ઉપર સમાધાનકારક ચર્ચા અહીં પ્રસ્તુત કરી છે જે બી.કે. સૂર્યભાઈ તથા બી.કે. રૂપેશભાઈ વચ્ચેની છે.

રૂપેશભાઈ - કોઈને સારું લાગે એ માટે આપણે કોઈ કાર્ય દેખાડવા માટે ના કરીએ. આ આપણા સ્વભાવમાં આવી જાય, જીવન વ્યવહારમાં આવી જાય. પછી આપણે એકલા હોઈએ કે 100 માણસોની વચ્ચે હોઈએ. આપણે એકલા રહેતા હોઈએ તે રીતે રહીએ.

સૂર્યભાઈ - જુઓ એવું ના લાગે કે 4 લોકો બેઠા છે તેઓ મને શું કહેશે. એટલે મારે આવું બોલવું જોઈએ, મારે આમ બેસવું જોઈએ, મારે આમ જોવું જોઈએ. આ અલ્પકાલીન સમાધાન હશે. પણ જો આપણો સ્વભાવ બનાવી લઈએ તો આપણે એમાં વિચારવું પણ નહીં પડે. બધું સ્વાભાવિક રીતે જ થઈ જશે.

રૂપેશભાઈ - એનો અર્થ એ થયો કે જો આપણે આપણું સારું વ્યવહારિક જીવન બનાવવું છે તો આપણે સારી ટેવોને, શિષ્ટાચારને આપણા જીવનમાં સ્થાન આપવું જોઈએ.

સૂર્યભાઈ - વ્યક્તિત્વ વિકાસ માટે સમયની પ્રતિબદ્ધતા એક મહત્ત્વપૂર્ણ આવશ્યકતા છે. કેટલાક લોકો આ વિષયમાં બેદરકાર રહે છે. વિદેશના એક સમાચાર છે. નોકરી મેળવવા આવેલો યુવક ઈન્ટરવ્યુમાં 5 મિનિટ મોડો પહોંચ્યો. આ કારણે તેને નોકરી આપવામાં આવી નહીં. એને કહ્યું જો તમને સમયનું મહત્ત્વ નથી તો તમે કાર્યાલયમાં કામને મહત્ત્વ કઈ રીતે આપશો ? એટલે સમયનું પાલન કરવું તે ઘણી સારી ટેવ છે. જે વ્યક્તિ સમયના પહેલાં પોતાનું કાર્ય કરે છે તે વાસ્તવમાં બુદ્ધિમાન છે.

રૂપેશભાઈ - તમે સાચું કહ્યું નેપોલિયને કહ્યું હતું કે કોઈપણ સ્થળે 5 મિનિટ મોડા પહોંચવાને બદલે 3 મિનિટ વહેલા પહોંચી જવું તે કલ્યાણકારી છે. જો આપ 5 મિનિટ મોડા પડો છો તો આપના વ્યક્તિત્વનો જે પ્રભાવ હોવો જોઈએ તે સમાપ્ત થઈ જાય છે. પછી ભલે તમે ગમે તેટલું સારું કાર્ય કરી રહ્યા છો, ગમે તેટલું સારું ભાષણ કરો છો પણ તમારી છબીનો પ્રભાવ જતો નથી.

સૂર્યભાઈ - તેનું કારણ જેમને આપની રાહ જોવી પડે છે એમના માટે પ્રતીક્ષાની પળો ઘણી લાંબી બની જાય છે. આ જે 5 મિનિટ એમણે રાહ જોઈ એ 5 મિનિટમાં એમણે એ વ્યક્તિ વિશે ઘણું નકારાત્મક વિચારી લીધું કે આ માણસ છે જ એવો સદા એ મોડો જ આવે છે એને સમયનું કાંઈ મહત્ત્વ નથી આ પ્રકારે એમનો પ્રભાવ ઓછો થઈ જશે.

રૂપેશભાઈ - જો 5 મિનિટ માટે 200 લોકોએ આપની રાહ જોઈ આમ 1000 માણસોનો આપના પ્રત્યે સંકલ્પ ચાલશે તે નકારાત્મક હશે. આ પ્રતિક્રિયાનો ચોક્કસ પ્રભાવ આપણા ઉપર પડે છે.

સૂર્યભાઈ - કેટલાક લોકો એવા હોય છે જેઓ સમય પર ક્યાંય પહોંચતા નથી. ગાડી પકડવાની હોય છતાં તેઓ મોડા પડે છે. ગાડી ભલે મોડી પડે પણ આપણી તો સમય પ્રત્યે પ્રતિબધ્ધતા હોવી જોઈએ. જે આપણા વ્યક્તિત્વ માટે મોટું આકર્ષણ જન્માવે છે. એનાથી આપણો સમય પણ બચશે આપણે જો સમયને મહત્ત્વ આપીશું તો સમય આપણું મહત્ત્વ કરશે.

રૂપેશભાઈ - આજે જે દિનચર્યા બનેલી છે તેમાં દોડધામમાં કાર્ય શરૂ કરીએ છીએ. ઓફિસમાં જવા નીકળશે તો ઘણા મોડા નીકળશે પછી ઝડપથી ગાડી ચલાવશે. પોતાનાં બધાં કાર્યો પણ ધમાલપૂર્વકનાં બની જશે.

સૂર્યભાઈ - દોડભાગ કરવાનું કારણ એ છે કે મોડા ઉઠ્યા. મોડા ઉઠ્યા તો સર્વ કાર્ય મોડાં કરવાં પડ્યાં. તેથી જલદી જલદી ઓફિસમાં જશો પછી ગુસ્સો પટાવાળા ઉપર ઠાલવશો કે મારું ટેબલ બરાબર સાફ કર્યું નથી. જો તમે મોડા પડશો તો તે પણ મોડો પડશે. વાસ્તવમાં સમયસર પહોંચવું, સમયસર કાર્ય કરવું એ સૌથી મોટી ચીજ છે.

રૂપેશભાઈ - આ જે રઘવાટનો સમય છે તે ક્યાંકને ક્યાંક આપણા વ્યક્તિત્વ માટે ડાઘ બની જાય છે.

સૂર્યભાઈ - બરાબર, આપણા બાબા હતા તો તેઓ ક્લાસમાં જતા તો બ્રહ્માવત્સો પોતાની ઘડિયાળ મેળવતા હતા કે બાબા 6.10 પર આવ્યા છે તો તેઓ સમયસર આવતા. આગળ પાછળ નહીં. બાબાના વ્યક્તિત્વનો પ્રભાવ બીજાઓ ઉપર પડતો હતો. બાબા ચોક્કસ સમયે પોતાના ઓરડામાંથી નીકળશે. સમય પર તેઓ સ્નાન કરવા જશે. સમયપર પત્ર લખવા બેસશે. સૌને મળવા માટે હાજર રહેશે. એમ નહીં કે લોકો રાહ જોઈ રહ્યા છે કે બાબા ક્યારે આવશે ? કલાકો સુધી રાહ જોવી પડે તે યથાર્થ નથી. સમય પાલન વ્યક્તિત્વની શોભા છે.

રૂપેશભાઈ - સમય પાલનની વાત એ શીખવાડે છે કે પોતાનું જીવન એવું બનાવવું છે તો ઘણા બધા લોકો સમયને મહત્ત્વ આપવા લાગે છે. આજે મારી પાસે એક મેસેજ આવ્યો કે જેમાં એમણે લખ્યું હતું કે સંસારમાં કોઈ વ્યક્તિ એટલી અમીર નથી કે જે સમયને ખરીદી શકે. જે પળ વીતી ગઈ તેને લાખો, કરોડો રૂપિયા ખર્ચવા છતાં પાછી લાવી શકતા નથી.

સૂર્યભાઈ - બરાબર. કોઈએ લખ્યું છે કે એક સેકંડના 100માં ભાગનું મહત્ત્વ એ દોડવીરને પૂછીએ જેણે સુવર્ણપદકની જગ્યાએ રજતપદક મળ્યો. તો માત્ર 0.5 સેકંડ પાછળ રહી ગયા.

રૂપેશભાઈ - જી પી.ટી. ઉષાની સાથે પણ એવું બન્યું કે તે થોડા અંતરથી પાછળ રહી ગઈ. જેથી ભારતને ચંદ્રક મળી શક્યો નહીં. સમય બધ્ધતાની સાથે વ્યાવહારિક જીવનમાં પણ આ વાતોનો સમાવેશ કરવો જોઈએ.

સૂર્યભાઈ - માનવે સમય બદ્ધતાની સાથે ઘણા જવાબદાર પણ બનવું જોઈએ. જવાબદારી-પૂર્વક કાર્ય કરવું એનું પણ જીવનમાં મહત્ત્વ છે. અમે એવા લોકો પણ જોયા છે કે જેમને જવાબદારી આપવામાં આવી પણ બેદરકાર રહ્યા. કામ થઈ જશે, કરી લઈશું પછી સમય આવે ત્યારે દોડધામ કરીએ છીએ. જે નાની નાની જવાબદારી નિભાવવામાં સક્ષમ છે. તે મોટી જવાબદારી

(અનુસંધાન પેજ નં. 06 પર)

સંબંધોના સંસારમાં પરિવર્તન

બી.કે. ગીતાબેન, શાંતિવન, આબુરોડ

જીવનની યાત્રામાં ઘણીવાર આપણને એકલવાયાપણાનો અનુભવ થાય છે જીવનભર સાથ નિભાવવાનું જેમણે વચન આપેલું હોય છે તેવા લોકો પણ ક્યારેક આપણો સાથ છોડી દે છે. એવા પણ દિવસો આવે છે કે જે આપણા દરેક બોલનું ઉમંગ ઉત્સાહથી પાલન કરનારા અને આપણને પ્રેમ આપનાર, ઉત્સાહ વધારનાર પણ રસ્તામાં ક્યાંક અટવાઈ જાય છે.

જીવનમાં મોટા ભાગે સંબંધો અપેક્ષાવાળા હોય છે. સંબંધની પણ એક સીમા હોય છે. તેનાથી આગળ તેઓ વધી શકતા નથી. કેટલાક સંબંધો નોકરી - ધંધાના કારણે, કેટલાક સામાજિક અને કેટલાક ઔપચારિક હોય છે. તેમાંથી ભાગ્યે જ કોઈ સંબંધ ગહન, અપેક્ષા વગરનો અને સર્વાંગ સુંદર હોય છે. જેમાં પરસ્પર અહંભાવની ટક્કર હોય તે ગહનતા સુધી પહોંચી શકતા નથી. જ્યાં અભિમાન ઘવાય છે યા અપેક્ષા પૂરી થતી નથી તેઓ રસ્તાથી અલગ દિશામાં વિપરીત બનવા લાગે છે.

સંબંધોમાં આત્મમંથનની જરૂર છે

આવી સ્થિતિમાં આપણે આત્મમંથન કરવાની જરૂર છે. આ ભૌતિક જગતમાં આવીને આપણે ચૈતન્યશક્તિ આત્માઓ પ્રકૃતિનાં પાંચ તત્ત્વોથી બનેલું શરીર ધારણ કરીને જીવાત્મા બની જીવનયાત્રાનો પ્રારંભ કરીએ છીએ. પરિવર્તન એ સંસારનો નિયમ છે. દરેક ચીજ નવીમાંથી જૂની બને છે. અને છેવટે તે તૂટી ફૂટીને પાછી પાંચ તત્ત્વોમાં ભળી જાય છે. પ્રકૃતિના પ્રભાવમાં આવીને સમયાંતરે ચૈતન્યશક્તિ આત્માઓ સતો, રજો, તમો સ્થિતિને પ્રાપ્ત કરે છે. આપણા પોતાના મૂળ ગુણોથી વિકૃત બનીને વિસ્મૃત થઈ જાય છે. આ સૃષ્ટિનાટકમાં દરેક આત્મા દરેક રીતે પોતાની રીતે અનોખો છે, અદ્વિતીય છે. દરેકના વિચાર, કર્મ, ગુણ, સંસ્કાર ભિન્ન છે. દરેક આત્મા પોતાના ગુણ, કર્મમાં પણ સ્થાયી, સ્થિર નથી. આવા સમયે કોઈ સદા અને સંપૂર્ણ રૂપથી આપણા બનીને રહે તેવું ક્યાંથી બને? આપણી આ ઈચ્છાઓ યા અપેક્ષાઓ જ અજ્ઞાન ભરેલી છે. દેહના સંબંધોની એ નબળાઈ છે કે સંબંધ થતાં જ આપણે તેના ઉપર આધારિત બનીએ છીએ. આપણે આપણી મૌલિકતા ગુમાવી બેસીએ છીએ.

પ્રેમપ્રવાહ નિરંતર ગતિશીલ છે.

મનુષ્યનો સ્નેહપણ ગતિશીલ છે જે હંમેશાં એકની સાથે, એક સરખો રહેતો નથી. જેમ નદી યાત્રા કરે છે એ રીતે પ્રેમ પણ એક લાંબી યાત્રા પર નીકળેલી નદી સમાન છે. ગંગોત્રીથી નીકળીને ગંગા જેમ સાગર સુધી જાય છે, વચ્ચે ક્યાંય પણ અટકતી નથી એ રીતે માનવમનનો પ્રેમ ક્યાંય પણ, કોઈ એક સ્થાને અટકતો નથી. પ્રારંભમાં તે ક્યારેક સ્થૂળ પર થોભીને પાર્થિવ બની જાય છે ક્યાંક ઘણો ઉછળે છે, કૂદે છે. ક્યાંક દુનિયાની ઊંચી દીવાલો કૂદીને આગળ વધે છે. ક્યાંક ગહનતામાં જઈને સમુદ્રના તળિયે પહોંચવાનો અનુભવ કરાવે છે. તે પ્રેમ ક્યાંક અલગ અલગ વ્યક્તિઓમાં વહેંચાઈને અખિલમાં વિસ્તૃત થઈ જાય છે.

સંબંધોમાં કૃત્રિમતા, દંભ અને દેખાડો

શરૂઆતમાં કોઈ એક વ્યક્તિ ઉપર અટકેલો પ્રેમ એનાથી આગળ બીજી કોઈ મંઝિલ

નથી એવું સમજીને એકમાંજ સમાઈને જીવે છે. આવો પ્રેમ પ્રતિષ્ઠિત બની જાય છે. ખાડાનાં પાણીની જેમ દુર્ગંધ આપનાર બની જાય છે. એના કારણે વ્યક્તિનો પ્રેમ ગમે તેટલો ઊંચો હોય ગહન હોય, છતાં પણ તે ઉબ પેદા કરનાર બની જાય છે. મૂળ રૂપથી જે વિકાસશીલ સ્વતંત્ર અને કોઈ અગમ્ય મંઝિલના આકર્ષણમાં ભરેલો હોય છે. તે સ્થગિત, પરાધીન, સંકુચિત દિશાહીન બની જાય છે. આ બંને ભૂલી ના શકાય તેવી પીડા આપે છે. આવા પ્રેમમાં અપેક્ષા, આક્ષેપ અને આધિપત્યની ભાવના મળી જાય છે. તે પછી ઉલ્લાસથી ભરેલો પ્રેમ કલેશ, કડવાશની પક્કડમાં આવીને દોષપૂર્ણ બની જાય છે. એક બીજાની નજીક આવેલા જીવનસાથી બનીને જીવવા ઈચ્છે છે. એક બીજા વગર પોતાનું અસ્તિત્વ નથી એવું સમજે છે છતાં પણ એકબીજાના સાનિધ્યમાં શ્વાસ પણ લઈ શકતાં નથી. તેઓ નિરાશાની ઊંડી ખીણમાં પડીને શું કરવું તેની સમજણ ના પડતાં બાકીની જિંદગી જીવી જાય છે. કેટલીકવાર પરસ્પરના સંબંધોની નાની મોટી અફવાઓ, ગેરસમજ યા નકારાત્મક ધારણા, ઊંડા પ્રેમને, પણ હલાવી દે છે. આવી ખોટી અફવાઓના ઊંડાણમાં ગયા વિના, સ્વયંના નિષ્કર્ષ પર એને માની લે છે પરિણામે સંબંધોમાં તિરાડ પડે છે અને એકબીજાને બરબાદ કરવા તૈયાર થાય છે. નજીકના દોસ્ત દુશ્મન બની જાય છે. તડપી તડપીને, સ્વજનોની વિરુદ્ધમાં જઈને જેની સાથે પ્રેમલગ્ન કર્યાં હોય એવી વ્યક્તિમાં જ્યારે પ્રેમની ઓટ આવે છે એકબીજાને છેતર્યાં હોય એવું લાગે છે. તેથી નીરસતા આવવા લાગે છે અને એકબીજાની જરૂરિયાતમાં ઓટ આવે છે. જેની સાથે રહેવા, પ્રેમ મેળવવા કેટલા તડપ્યા હોય છે આવી વ્યક્તિ સાથે ફરીથી એકાંતની ક્ષણો વીતાવવી હોય યા સહપ્રવાસ કરવાનો હોય તો સમય કાપવામાં તકલીફ પડે છે. એ રીતે પુત્ર-પુત્રીઓ મોટાં થાય છે, લગ્ન કરી લે છે તે પછી એમનો માતાપિતા તરફનો વ્યવહાર ઘણો જ બદલાય જાય છે. એમાં પ્રેમને બદલે ઔપચારિકતા આવી જાય છે. એવું પણ જોવા મળ્યું છે કે માબાપ માટે કંઈક કરવું પડે તો પૈસાની ગણત્રી શરૂ થઈ જાય છે. તેઓ પોતાની પત્ની બાળકો માટે ઉમંગ, ઉત્સાહથી ખર્ચ કરે છે. બધા જ સંબંધોમાં આવું નથી પણ આજકાલ સંબંધ કૃત્રિમ, દ્વેષપૂર્ણ, માત્ર દેખાડાના બની ગયા છે એમાં ગહનતા, સત્યતા અને નિખાલસતા ભાગ્યે જ જોવા મળે છે. આપ જો આત્માના સ્વભાવ અને અસ્તિત્વની ઈચ્છાથી વિરુદ્ધ જઈને જીવશો તો દુઃખ વિના તમે શું મેળવશો ? આવી પરિસ્થિતિમાં આધ્યાત્મિકતા આપણી મદદ કરે છે.

માનવ આત્માઓની હદને સમજીએ

આધ્યાત્મિક જ્ઞાન એક એવો અલૌકિક પ્રયાસ છે જે આપણી બુદ્ધિને રોશન કરે છે. આપણને જાગૃત કરે છે. જે રીતે પ્રકાશમાં સર્વકાંઈ સ્પષ્ટ દેખાય છે, સમજી શકાય છે તે રીતે આધ્યાત્મિક જ્ઞાન જીવન અને સંસાર સંબંધિત મૂળભૂત સત્યોને સ્પષ્ટ કરે છે. જેનાથી જીવનમાં બનનારી, અનુભવમાં આવનારી દરેક ઘટના, તથ્ય, વ્યક્તિ, પરિવર્તન સૌ સ્પષ્ટ સમજી શકાય છે. મનુષ્યાત્માની શક્તિ, ગુણ સીમિત છે. પરિવર્તનશીલ છે. સાધના અને સંયમથી વ્યક્તિ, મહાત્મા, ધર્માત્મા, પુણ્યાત્મા, દેવતા બને છે. આ સૌ પ્રકૃતિના આધારથી સંસારયાત્રા પર ગતિશીલ છે. સૌની સાથે પ્રકૃતિનો તેજ અનાદિ નિયમ કામ કરે છે. જે આવ્યું છે તે જશે. જે શરીર ધારણ કરે છે તે શરીર છોડે પણ છે. તેથી આ સૌ આપણા જીવનના સ્થાયી સ્તંભ બની શકતા નથી. એમની યાદ, ઉપાસના, સાધના વગેરે આપણી સદા સંપૂર્ણ

અને સર્વશ્રેષ્ઠ પ્રાપ્તિની અભિલાષા પૂર્ણ કરી શકતી નથી. જેમ દરેક ક્ષેત્રમાં સર્વોચ્ચ સત્તાની જ માન્યતા હોય છે. એ રીતે સંસાર નાટકમાં પણ પરમાત્મા સર્વોચ્ચ સત્તા છે. તેઓ સંપૂર્ણ જ્ઞાનના દાતા છે. સર્વ સદ્‌ગુણો અને રુહાની શક્તિઓના અખૂટ ભંડાર અને સાગર છે. એમની મહિમા અપરંપાર છે. સૌની નજર અને બુદ્ધિ એ અવિનાશી સહારા સ્વરૂપ પરમાત્મા પ્રત્યે જ જાય છે. મનુષ્ય આત્માઓની સીમાને આપણે સમજીએ, સ્વીકારીએ અને એમના પર આધારિત હોવાને બદલે સર્વોચ્ચ સત્તા પરમાત્મા સાથે સંબંધ જોડીએ. સ્વયં એમના જ્ઞાનથી ગુણ, શક્તિઓને ભરપૂર કરીએ. તેથી પોતાને સાક્ષી, ન્યારા, સમજદાર બનાવી શકીશું. ચડતી પડતીમાં એકરસ રહીશું.

ભગવાન / ભાગ્યવિધાતા આપણી સાથે છે.

આપણે સમજવું જોઈએ કે જીવનમાં જો એક સંબંધમાં કોઈ પણ પ્રકારની નિષ્ફળતા મળી તેથી સમગ્રજીવન વ્યર્થ જતું નથી. જ્યાં પ્રકૃતિનું અપ્રતિમ સૌંદર્ય આપણને સરળતાથી મળેલું હોય, સ્વયં પરમાત્માની અસીમ કૃપા આપણા ઉપર સતત વરસતી હોય, આપણે સ્વયં પણ સમગ્ર પ્રાણી જગતમાં સર્વશ્રેષ્ઠ બુદ્ધિશાળી અને ભાવનાત્મક પ્રાણી છીએ. આવા સુંદર સંસારમાં કોઈ એક ક્ષતિને કારણે આપણાં જીવનને બરબાદ કરવાનો નિર્ણય સ્વયં માટે કરી શકીએ નહીં. આધ્યાત્મિક જ્ઞાનનું નિરંતર શ્રવણ, અધ્યયન, અભ્યાસ અને પ્રયોગ આપણામાં સ્વાભાવિકતાથી સકારાત્મકતા જન્માવે છે. સર્વ કાંઈ ગુમાવવા છતાં ભગવાન અને ભાગ્ય તો આપણી સાથે રહે છે, એટલે આપણે કોઈ અવાંચ્છિત ઘટનાથી પોતાના કે અન્યના જીવન માટે નકારાત્મક પગલાં ભરવા જોઈએ નહીં. જીવનનું એક દ્વાર બંધ થઈ જાય છે તો બીજું દ્વાર ખૂલી જાય છે. આધ્યાત્મિક જ્ઞાન આપણને અંધકારમાં આશાનું કિરણ, વિસર્જનમાં સર્જન અને શૂન્યમાં સૃષ્ટિની સંભાવના બતાવે છે.

આધ્યાત્મિક જ્ઞાન સ્વાવલંબી બનાવે છે.

આપણા સંબંધોથી સંસારની વર્તમાન સ્થિતિ ઘણી જ અભદ્ર બની ગઈ છે. આવા સમયે આપણે આત્મનિર્ભર બનવાનું છે. આધ્યાત્મિકતા આ દૃષ્ટિએ આપણા જીવનમાં સતત જરૂરી બની ગઈ છે. વાસ્તવમાં આધ્યાત્મિકતા એજ જીવન છે. અધ્યાત્મ વિના જીવન, જીવન નહીં પણ મૃત્યુ સમાન છે. આધ્યાત્મિક જ્ઞાનનાં વિભિન્ન સત્ય આપણને સંસારને યથાર્થ રીતે સમજવાની સદ્‌બુદ્ધિ આપે છે. ગુણ અને શક્તિઓનો વિકાસ કરે છે. આધ્યાત્મિક દૃષ્ટિથી સશક્ત બનાવે છે તેથી આપણે સ્વાવલંબી બની શકીએ છીએ. જ્ઞાન, સુખ, આનંદ, પ્રેમ, શક્તિના દાતા અને સાગર પરમાત્મા સાથે યોગ કરવાથી આપણે પણ પ્રભુપિતા સમાન દાતા બનવાનું છે. જીવનમાં પછી પીડિત, વ્યથિત, આધારિત રહેવું પડતું નથી. જેમ પરમાત્મા જગતના નાથ છે, વિશ્વના રક્ષક છે. અવિનાશી આત્મ સહારા છે એમની સાથેનો યોગ આપણને પણ વિશાળતા, ભરપૂરતા તથા રુહાનિયતથી ભરપૂર કરી દે છે. આવા રુહાની આત્મિક સંબંધોમાં પોતાની લગની લાગે છે ત્યારે સર્વ કાંઈ કલ્યાણકારી લાગે છે. પોતાના પારકાના સંકુચિત ભાવોથી મુક્ત થઈને આપણે સર્વના બની જઈએ છીએ. આપણે સાર્વજનિક વૈશ્વિક બની જઈએ છીએ. જીવનમાં એકલવાયાપણું, ખાલીપો, નિરાશા દૂર થઈ જાય છે.

હું સુજ્ઞ વાચકોને એ કહેવા ઈચ્છીશ કે આવા દિવસોમાં જો આપણે એકાંતમાં સુખનો અનુભવ કરવાનું શીખીશું નહીં તો જીવન બિલકુલ એકાકી

(અનુસંધાન પેજ નં. 06 પર)

બ્રહ્માકુમારીઝ - શાંતિવન

આબુરોડ મુખ્યાલયની મધ્યસ્થ કમીટીના સભ્યો

ઓમશાંતિ ભવન
માઉન્ટ આબુ

ડાયમંડ હોલ
શાંતિવન, આબુ રોડ

રાજયોગિની
દાદી જાનકીજી
મુખ્ય પ્રશાસિકા

રાજયોગિની
દાદી હૃદયમોહિનીજી
અધિક મુખ્ય પ્રશાસિકા

રાજયોગિની
દાદી રતનમોહિનીજી
સંયુક્ત મુખ્ય પ્રશાસિકા

રાજયોગિની
દાદી ઈશુજી
સંયુક્ત મુખ્ય પ્રશાસિકા



રાજયોગી
બ્ર.કુ. નિર્વૈરભાઈજી
મહાસચિવ
(સેક્રેટરી જનરલ)



રાજયોગી
બ્ર.કુ. વૃજમોહનભાઈજી
અધિક મુખ્ય
મહાસચિવ



રાજયોગી
બ્ર.કુ. કરુણાજી
અધ્યક્ષ,
મીડિયા વીંગ



રાજયોગી
બ્ર.કુ. આત્મપ્રકાશજી
ઉપાધ્યક્ષ,
મીડિયા વીંગ



રાજયોગિની
બ્ર.કુ. મુન્નીદીદી
જનરલ મેનેજર

રાજયોગિની
બ્ર.કુ. સંતોષદીદી
ડાયરેક્ટર,
મહારાષ્ટ્ર ઝોન



રાજયોગી
બ્ર.કુ. અમીરચંદભાઈજી
ડાયરેક્ટર,
પંજાબ ઝોન



રાજયોગિની
બ્ર.કુ. ડો. નિર્મલાદીદી
ડાયરેક્ટર,
જ્ઞાન સરોવર,
માઉન્ટ આબુ

રાજયોગિની
બ્ર.કુ. સરલાદીદીજી
ડાયરેક્ટર, ગુજરાત ઝોન
અવ્યક્ત - 06-06-2019
(સતગુરુવાર)

યજ્ઞના આ મહાન આત્માઓને કોટિ કોટિ ધન્યવાદ. આપના હાથમાં યજ્ઞ સુરક્ષિત છે. મીઠા બાબાએ આપને મહાદાની, વરદાની પ્રત્યક્ષતામૂર્ત બનાવ્યા છે. ધન્યવાદ. ઓમશાંતિ

રાજયોગિની
બ્ર.કુ. શશીપ્રભાદીદી
ઉપાધ્યક્ષ,
સ્પોર્ટસ વીંગ

પવિત્રતાનું પ્રથમ સંતાન - શાંતિ

બ્ર.કુ. કિશોર મહેતા, ધોરાજી.

સૌ શાંતિને ઝંખે છે પરંતુ શાંતિની માળા જપ્યે કંઈ શાંતિ મળે ? શાંતિ એ તો પવિત્રતાનું પ્રથમ સંતાન છે. આ સંતાન પ્રાપ્તિ માટે પવિત્રતા ધારકે પહેલાં રટણ કરવાનું કે 'હું અહિંસક છું.' કેમ કે હિંસકને શાંતિ મળતી નથી કોઈને શસ્ત્રથી વધેરી નાંખવા એ સ્થૂલ હિંસા છોડીએ. પરંતુ કોઈને માનસિક ત્રાસ આપીએ તેનાથી જે સૂક્ષ્મ હિંસા થાય છે તેનાથી પણ અશાંતિ મળે છે. તેથી શાંતિનું સ્વસ્થ સંતાન પ્રાપ્ત થાય તે માટે ડબલ અહિંસક બનવું જરૂરી છે.

શાંતિનું સુખ ઈચ્છનારે એકાંતપ્રિય બનવું જોઈએ. કાકાસાહેબ કાલેલકર કહેતા કે, 'હું શોધું છું એકાંત પણ સાધું છું લોકાંત !' આવા સંજોગોમાં જો અંતર્મુખી બની જવાય તો તેના જેવું એકાંત ક્યાંય નથી.

શાંતિના સાધકે એવી સ્મૃતિમાં રહેવું કે, 'હું આદર્શ મૂર્ત છું.' આદર્શ એટલે ઉત્તમ ઉદાહરણ કહી શકાય. જેનામાં અશાંતિ જન્માવે એવો કોઈ અવગુણ નથી. એ આદર્શમૂર્તને શાંતિનો અનુભવ થયા વગર રહે ?

શાંતિ ઝંખનારે કર્મેન્દ્રિયજીત બનવું જરૂરી છે. કેમ કે કર્મેન્દ્રિયોના ગુલામને શાંતિ મળતી નથી. કર્મેન્દ્રિયોને કન્ટ્રોલમાં રાખનાર શાંતિનો સ્વામી બની શકે છે.

શાંતિપ્રિય વ્યક્તિએ ધારણામૂર્ત બનવું જરૂરી છે. જેને આપણે પરેજી કહીએ છીએ. જેમ શારીરિક રોગ મટાડવા પરેજી પાળીએ તો જ દવા કામ કરે છે એમ આત્માનો રોગ અશાંતિને મટાડવા માટે પણ પરેજી પાળવી પડે છે. જેમકે પવિત્રતાનું પાલન કરવું. આહારશુધ્ધ રાખવી, રોજ સત્સંગ કરવો અને દિવ્યગુણોની ધારણા કરવી.

શાંતિ માટે રાજઋષિ બનવું જોઈએ. રાજઋષિનું બીજું નામ છે રાજયોગી. રાજયોગી અંતર્મુખતા દ્વારા એકાંતનો અનુભવ કરે છે. પછી ભલે ને ગમે તેવું અશાંતમય વાતાવરણ હોય. ! કેમકે શાંતિના સાગરના સાનિધ્યમાં એ રહે છે. શાંતિ એ તો આત્માનો સ્વધર્મ છે. આ સ્વધર્મમાં જ શાંતિ છે. પરધર્મમાં અશાંતિ છે.

શાંતિ સ્વરૂપ આત્માને 'ઉદાહરણમૂર્ત' કહે છે. તેને 'શાંતિકુંડ'નું બિરૂદ આપી શકાય. આ શાંતિકુંડ સૌનું ધ્યાન ખેંચે છે. અશાંત વાતાવરણમાં શાંતિ સ્વરૂપ હું ઉદાહરણમૂર્ત છું એવો અહોભાવ આપણામાં જન્મે છે.

શાંતિ ઈચ્છનાર 'હું અંતર્મુખી છું.' એવા સ્વમાનમાં રહે છે. તેને અનુભવ થાય છે. કે 'મારું' અંતર શાંતિથી છલોછલ ભરેલું છે. બાહ્યમુખી અશાંતિનો અનુભવ કરે છે. તેથી કહેવાય છે કે 'અંતર્મુખી સદા સુખી'. બાહ્યમુખી સદા દુઃખી એક સાધક ગુફામાં રહેતા હતા. એક વખત લોકોને દર્શન આપવા સાધક ગુફાની બહાર આવે છે. થોડી વારમાં વાતાવરણમાં તોફાન શરૂ થાય છે. લોકો પેલા સાધકને કહે, 'ચાલો ગુફામાં જતા રહીએ. સાધક કહે, 'તમે બહાર છો. હું તો અંતર્મુખતાની ગુફામાં જ છું!' આ અંતર્મુખી સ્થિતિ જ ઈશ્વરાભિમુખી સ્થિતિ છે. આ સ્થિતિ આપણને માસ્ટર શાંતિનો સાગર બનાવી દે છે.

શાંત સ્વરૂપ બનવા માટે 'હું પ્રભુનો પયગંબર છું.' એ સ્વમાનમાં રહેવું જોઈએ. પ્રભુનો સંદેશ આપનાર પયગંબર શાંત સ્વરૂપ જ હોય ને?

જનમ જનમના પાપ બાળનારી શાંત સ્વરૂપની સ્થિતિ એટલે 'હું તપસ્વીમૂર્ત છું.' એવો અલૌકિક અનુભવ કરાવે. એવી અનોખી આત્મિક સ્થિતિ. શાંતિના સાગરમાં ખોવાયેલ પરમ તપસ્વીમૂર્ત આત્માની સ્થિતિ આહ્લાદક હોય છે. તેનાથી આત્મા તૃપ્તિનો અનુભવ કરે છે. શાંતિ ઝંખનાર આત્માને શાંતિનો ધરવ થઈ જાય છે. આ તપસ્વીમૂર્તને જોનાર અન્ય આત્માને શાંતિનું દાન આપ મેળે જ અપાઈ જાય છે !

તો ચાલો, આવા અનોખા દાનેશ્વરી તપસ્વીમૂર્ત બની જઈએ, શાંતિના દુષ્કાળવાળી દુનિયામાં શાંતિની હેલી વરસાવીએ અને આવી હેલીથી નિર્માણ કરી દઈએ શાંતિભર્યું સ્વર્ગ !

॥ ઓમશાંતિ ॥

રાજયોગ દ્વારા સ્વર્ણિમ પ્રભાતની મુબારક

બ્ર.કુ. ગોદાવરીબેન, મુલુંદ, મુંબઈ

નવયુગની નવી રોનક લઈ, આવ્યું નવું પ્રભાત
ભૂલી જઈએ વીતેલા દિવસો, કળિયુગની કાળી રાત.
સ્વર્ણિમ યુગનો સંધિ સંગમ જ્યાં સ્વયં પ્રભુ પધારે છે.
પ્રેમ એકતાની ભાવનાઓથી, ખુશી અલૌકિક વધારે છે.
જાન્યુઆરીમાં ઝળહળ દીપક સમાન, આત્મજ્યોતિ જગાવે છે.
જ્ઞાન અમૃતનું પાન કરાવી, વિષય વિકાર ભગાવે છે.
ફેબ્રુઆરીમાં ફરિયાદો દૂર કરી, ફરી ફરી યાદ અપાવે છે.
આત્મિક શક્તિનું ભાન કરાવી દેહ અભિમાન ભૂલાવે છે.
માર્ચ આવ્યો ટોર્ચ લઈ, કુસંગથી દૂર હરાવે છે.
અનાસક્ત ઉપરામ બનાવી, પાપકર્મોથી બચાવે છે.
એપ્રિલમાં આવ્યો ઉમંગ ઉત્સાહ, આનંદ કરે વરસાવે છે.
ભય, ભૂલ, ભૂતકાળ ભૂલાવી, વર્તમાનમાં હરસાવે છે.
મે માં મલાઈ ખવડાવી ભલાઈની સેવામાં અથક બનાવે છે.
પાપ, તાપ સંતાપને દૂર કરી. સોહામણો ઉત્સાહ મનાવે છે.
જૂન ભૂલાવે જૂના વિચારો, નવીનતા મનમાં લાવે છે.
રાજયોગની શક્તિનાં તેજે, સૂર્ય સમ પ્રકાશ ફેલાવે છે.
જુલાઈમાં જાન જીગરથી તપસ્યામાં મન પરોવાયે છે.
શાંતશીતળ વાતાવરણથી જીવનમાં ખુશી અનુભવાયે છે.
ઓગસ્ટ આવ્યો અનહદ ધ્વનિ લઈ, અંતરને પાવન બનાવે છે.
દિવ્યગુણોના ઝૂલે બેસાડી, બંસી મધુર સંભળાવે છે.
સપ્ટેમ્બરમાં સ્વસ્થિતિનાં આસને, બેસાડી પરિસ્થિતિઓને હટાવે છે.
સરલતા, સાદગી, સંતુષ્ટતાની, દિલખુશ મિઠાઈ ખવડાવે છે.
ઓક્ટોબરમાં અમરનાથ શિવબાબા, યોગ અગ્નિ અખંડ પ્રગટાવે છે.
આવી ચૂક્યા સાધારણ બ્રહ્માનાં તનમાં પરિચય સાક્ષાત કરાવે છે.
નવેમ્બરમાં નવાયુગની સ્થાપના, યોગશક્તિથી કરાવે છે.
નિમિત્ત બની નિર્માણ બની નમ્રતાનો પાઠ ભણાવે છે.
ડિસેમ્બરમાં દુઃખ દર્દ હરી, દુઆઓને પાત્ર બનાવે છે.
વિશ્વ વિજયી બનવા માટે, પાંચ વિકારજીત બનાવે છે.
પાંચ તત્ત્વોને સહયોગી બનાવવા સાત્વિક મન બનાવે છે.
જમીન આસમાન પણ નાચી ઉઠે, એવી અમર યાદ અપાવે છે.
ચાલો ઉઠો, જાગી જઈને, સ્વર્ણિમ યુગને ધરા પર લાવીએ.
પ્રભુની આજ્ઞાનું પાલન કરીને, ઘર ઘરને સ્વર્ગ બનાવીએ. સ્વર્ણિમ પ્રભાતને વધાવીએ.

॥ ઓમશાંતિ ॥

એક અનોખો અનુભવ - નિરાશામાં આશાનું કિરણ

બ્ર.કુ. ગૌરીબેન ઠકરાર, બાંટવા

મારું નામ ગૌરીબેન ઠકરાર, લોહાણા જ્ઞાતિ અમે વૈષ્ણવ પરિવારના એટલે નાનપણથી તો શ્રીકૃષ્ણની ભક્તિ કરતા હતા. અમે માણાવદરના રહેવાસી. 55 વર્ષે મને ભક્તિનું ફળ મળ્યું. પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયની બહેનો દ્વારા બાંટવા સેવાકેન્દ્ર દ્વારા મને ઈશ્વરીય જ્ઞાન અને યોગનું જ્ઞાન મળ્યું. આત્મા પરમાત્માનું સાચું જ્ઞાન પ્રાપ્ત થયું મને પરમાત્મા શિવનો સાચો પરિચય મળ્યો. હું જ્ઞાનમાં આજે દશ વર્ષથી ચાલુ છું હાલમાં હું રાજકોટ રણછોડનગરમાં સેન્ટરમાં અઠવાડિયે એકવાર દર ગુરુવારે જતી હતી. મારી ઉમર 65 વર્ષની છે મને શિવબાબામાં ખૂબ જ વિશ્વાસ. હું શિવબાબાને ખૂબ યાદ કરતી હતી. મુરલી પણ નિયમિત વાંચતી હતી. થોડા સમય પહેલાં મારા જીવનમાં કપરી પરીક્ષા આવી.

હું અચાનક બાથરૂમમાં પડી ગઈ અને મારા બન્ને પગ ભાંગી ગયા હતા. ઓપરેશન બન્ને પગમાં કરાવ્યા. એક પગમાં સળીયો અને બીજા પગમાં પ્લેટ નાખી હતી. સાવ બેડ રેસ્ટ થઈ ગઈ. બધા લોકો મને કહે હવે તમે ચાલી નહીં શકો. આ સાંભળીને હું તો નિરાશ થઈ ગઈ. અંદરથી હિંમત હારી ગઈ. અંદર અંદર ચિંતા થઈ ગઈ. હવે મારું શું થશે ? એ દરમિયાન મેં સૂતાં સૂતાં ટીવીમાં પીસ ઓફ માઈન્ડ ચેનલમાં બ્રહ્માકુમારી સૂર્યભાઈનો 'સમાધાન' પ્રોગ્રામ આવતો હતો. તે હું જોતી હતી. બ્ર.કુ. સૂર્યભાઈએ કહ્યું કે પરમાત્મા શિવ અવિનાશી સર્જન છે. તે આપણા બધા જ દુખ-દર્દ મટાડી શકે છે. તે સર્વ શક્તિવાન છે. અસંભવને સંભવ કરી શકે છે. પૂરા વિશ્વાસ અને શ્રધ્ધાથી તેમને યાદ કરો, મન બુદ્ધિનો તાર એમની સાથે જોડો. સાચા હૃદયથી યાદ કરો, એ તમને મદદ કરશે. આ સાંભળીને મારામાં મનમાં યાદ કરવાનું યોગ કરવાનું શરૂ કરી દીધું અને થોડા સમય પછી મારા પગમાં બીજું ઓપરેશન આવ્યું અને મેં પગમાં વાઈબ્રેશન આપવાનું શરૂ કર્યુંકે શિવબાબા મારા પગમાં બીજું ઓપરેશન આવ્યું અને મેં પગમાં વાઈબ્રેશન આપવાનું શરૂ કર્યું કે શિવબાબા મારા પગમાં શક્તિભરી રહ્યા છે અને ધીરે ધીરે મારા બન્ને પગમાં સારું થવા લાગ્યું અને મારા પ્યારા પ્રાણેશ્વર શિવબાબાએ મારી સામે જોયું અને ધીરે ધીરે હું ઉભી થવા લાગી. લાકડીના ટેકે ચાલવા લાગી અને હાલમાં હું ઘરનાં બધા જ કામ મારી જાતે જ કરું છું શિવબાબાએ મારા પગમાં તાકાત ભરી દીધી.

કહે છે ને ભગવાન આંધળાને દેખતા કરે લૂલા લંગડાને પગ આપી ચલાવે છે.

મારો શિવબાબા ઉપરનો વિશ્વાસ જીતી ગયો. હું મારા ભગવાન શિવબાબાનો અને બ્રહ્માકુમાર સૂર્યભાઈનો ખૂબ ખૂબ દિલથી આભાર માનું છું. સંગમયુગમાં ભગવાન શિવ આ સૃષ્ટિ ઉપર અવતરિત થયા છે. હાજરાહજૂર છે. ભગવાન સદા શિવ બાળકોની સાથે જ છે. સંકટના સમયે જો સાચા હૃદયથી યાદ કરે તેની શિવબાબા બધી જ મનોકામના પૂરી જરૂર કરે છે.

॥ ઓમશાંતિ ॥

- **સાથીઓ ઉપર રાજ્ય કરનારા નહીં પણ પોતાના ઉપર રાજ્ય કરનારા સ્વરાજ્ય અધિકારી બનો.**

ઘણા દિવસો ગયા, થોડા રહ્યા

બ્ર.કુ. વિધા, સરભાણ

આપણને એ પણ ખબર નથી કે આપણું જીવન ક્યારે નિર્વિઘ્ન બનશે. દરરોજ જોઈએ છીએ કે અકસ્માતોથી, રોગોથી અને સમજફેરના કારણોથી મૃત્યુનો આંક વધતો જાય છે. તો આપણા જીવનને બે દિવસની રમત માનીને આ ખુશીની રમતમાં તમામ સાથે સ્નેહ, સેવા, સહયોગ તથા સહાનુભૂતિથી વ્યવહાર કરીએ. આ શરીરને છોડી જવાનું છે. તે પહેલા મનમાં આનંદ આવવો જોઈએ કે, મેં જે કર્મ કર્યું છે તે સારી રીતે કરીને જઈ રહી છું.

આપણા જીવનના તો કેટલા દિવસો જતા રહ્યા છે અને કેટલા દિવસો બાકી છે તે ખબર નથી. આપણે હરઘડી કર્મ તો કરતા રહીએ છીએ. પરંતુ ભલાઈ તો એમાં છે કે આપણે સચેત થઈને દિવ્ય-ગુણ ધારણ કરીને નારીથી શ્રી લક્ષ્મી અર્થાત મનુષ્ય સે દેવતા બનીએ. **॥ઓમશાંતિ॥**

શિખામણ

ગાંધીજીએ વિનોબાને, કહ્યું, ‘જો વિનોબા, આપણે ભારતનાં સાત લાખ ગામડામાં પહોંચવાનું છે તે વાત સાચી, પણ આ વાત પણ યાદ રાખજે કે છેવટે બધી પ્રવૃત્તિઓનું પરિણામ છે ગોળ મીડું’ - **આપણે તો કરી છૂટવાનું છે. ફળનો નિર્ણય પ્રભુ કરશે.**

મનની સ્થિરતા

મીઠા મીઠા શિવબાબા સાથે આપણું મન અતૂટ, અચલ, અડોલ રીતે જોડાયેલું હોવું જોઈએ. આ સંદર્ભમાં ગંગાસતીએ ગાયું છે કે,

‘મેરુ તો ડગે પણ જેનાં મન ના ડગે રે પાનબાઈ, ભલે ભાંગી પડે બ્રહ્માંડ રે.’

વર્ષ 2020 માટે જરૂરી સુચના

નવા વર્ષ 2020 માટે આપના સેવાકેન્દ્રની જ્ઞાનામૃત મેગેઝીનની કુલ સંખ્યા **મોડામાં મોડા 30 નવેમ્બર, 2019 સુધીમાં સુખશાંતિ ભવન, બ્ર.કુ. નંદિનીબેનને ફોન - 94267 08448** અથવા **જ્ઞાનામૃતના Email : gyanamrit.guj@gmail.com** પર જ જાણ કરવા વિનંતી છે. જાન્યુઆરી 2020નો અંક ડિસેમ્બર 2019માં એડવાન્સમાં તૈયાર થઈ પ્રેસમાં છપાવવા માટે આપવાનો હોવાથી, આપની જ્ઞાનામૃતની સંખ્યા એડવાન્સ મળી જાય તો પ્રીન્ટીંગની વધુ સગવડતા રહે.

અંકોની સંખ્યા પાછળથી વધવાથી જ્ઞાનામૃતનું પુનઃપ્રીન્ટીંગ કરવાનું કામ મુશ્કેલ બને છે. અત્યારે ડીજીટલ પ્રીન્ટીંગ ટેકનોલોજી હોવાથી પ્રેસમાં ઓછી સંખ્યા માટે પ્રીન્ટીંગમાં અગવડતા તથા ખૂબ ખર્ચાળ કાર્ય બને છે. તો સમય પહેલા આપના સહયોગની શુભ આશા છે. સહયોગ બદલ એડવાન્સમાં ધન્યવાદ.

ખાસ નોંધ - વર્ષ 2019 સુધીના જ્ઞાનામૃતના લવાજનો **હિસાબ જે કોઈ સેવાકેન્દ્રને જમા કરાવવાનો બાકી હોય તેઓ મોડામાં મોડા 30 નવેમ્બર, 2019 સુધીમાં** મોકલી સત્વરે પહોંચ મેળવી લેશોજી.

ચિંતનકણિકા

સંકલન - ભ્રાતા પી. એમ. પરમાર

- તાર મળી જાય પછી એકતાર થતાં વાર લાગતી નથી.
- કોઈ કથા કરાવે છે તો કોઈ વ્યથા કરવાની વાતો થાય છે.
- અહીં પગ કાપ્યા પછી પગભર કરવાની વાતો થાય છે.
- સરળ હોવું એ જિંદગીનું બહુ અઘરું કામ છે.
- જે વ્યક્તિના મનમાં કોઈ તંત નથી તેનું નામ સંત.
- વિષ એકવાર મારે છે પણ વિષયો દરરોજ મારે છે.
- મોંમાં શું જાય છે તેના કરતાં મોંમાંથી શું નીકળે છે તે મહત્ત્વનું છે.
- તમામ પ્રકૃતિનો સ્વભાવ આપવાનો છે, માણસનો સ્વભાવ લેવાનો છે.
- કામચલાઉ જિંદગીમાં માણસને બધું કાયમી જોઈએ છે.
- તણખલાં ભેગાં મળે ત્યારે એક સુંદર માળો બની જાય છે.
- પૈસા ગણતાં ધ્યાન બીજે જતું નથી ઈશ્વરને યાદ કરવામાં જ ધ્યાન નથી રહેતું.
- દારૂ ઘેર બેઠાં વેચાય છે, દૂધ વેચવા ઘેર ઘેર જવું પડે છે.
- ક્યાં અટકવું, છટકવું, ટકવું આવડી જાય તો પછી ભટકવું પડતું નથી.
- વિજ્ઞાન સૃષ્ટિ બદલી કાઢે છે તો ધર્મ દૃષ્ટિ બદલી કાઢે છે.
- માણસને વ્યસ્ત રહેતાં આવડે છે પણ મસ્ત રહેતાં નથી આવડતું.
- વાહનના ટાયરમાં અને માણસના મનમાં હવે માફકસરની હવા હોવી જોઈએ.
- હીરા પારખું કરતાં પીડા પારખુંનું સ્થાન ઊંચુ હોય છે.
- પરખો તો કોઈ પોતાનું નથી ને સમજો તો કોઈ પારકું નથી.
- માણસ સાધનના અભાવે નહીં પણ સાધનાના અભાવે નિષ્ફળ જાય છે.
- ક્રોધ હોય છે ક્ષણ જીવી પરંતુ તેનાં પરિણામ હોય છે ચિરંજીવી.
- જેને પાઘડી સમજી માથે બેસાડ્યા એજ પગ લૂંછણિયા નીકળ્યા.
- સમજણ ટૂંકી હોય છે એની જીભ બહુ લાંબી હોય છે.
- સાચવવા પડે એ સંબંધો સાચા નથી, સારા સંબંધો સાચવવા પડતા નથી.
- એક સમય જ સમયસર આવે છે.
- ઘણાને આપણે ગમી જઈએ એ પણ ઘણાંને ગમતું નથી.
- જે વસ્તુ માટે લાયક નથી તે વસ્તુ માટે પ્રભુ પાસે માગણી કરતા નહીં.
- આંખો બંધ થાય તે પહેલાં જો આંખો ઉઘડી જાય તો જન્મારો સુધરી જાય.
- જે દિલથી નીકળે છે તે જ દિલ સુધી પહોંચે છે.
- કાળ નામને ભૂંસી શકે છે કામને નહીં.
- હાજરી જ એવી આપો કે તમારી ગેરહાજરીની નોંધ લેવાય.
- હક્ક વગરનું પડાવી લેશો તો મહાભારત , હક્કનું છોડી દેશો તો રામાયણ.
- બહોશ થઈને પણ હોંશપૂર્વક જીવવાનું શીખી લેજો.
- જીરવી શકાય તેમને જાળવી લેજો, જાળવી ના શકાય તેમને જીરવી લેજો.

ખુશી

બ્ર.કુ. જયુભાઈ, મહાદેવનગર, અમદાવાદ.

માનવીમાં આમ જોઈએ તો જીવન પર્યંતના પ્રયાસો અંતે તો ખુશી મેળવવા માટેના હોય છે અને જીવનમાં હંમેશા ખુશ રહેવા ઈચ્છે છે. પછી આ ખુશી તેને સુખથી મળે, સંપત્તિથી મળે, આરોગ્યથી મળે, સારા સંબંધોથી મળે કે સત્તાથી મળે. ખુશી તંદુરસ્ત જીવન માટે ખોરાક સમાન છે. જેને મેળવવા મનુષ્ય જીવનની અંતિમ ક્ષણો સુધી પ્રયત્નશીલ રહે છે. કારણ કે જન્મ અને મૃત્યુ વચ્ચેનું જીવન તેના હાથમાં છે અને વ્યક્તિ આ જીવનને જેટલું સારું બનાવી શકે. ખુશીઓથી ભરી શકે તેની મથામણ કરતો જ રહે છે. જેના તેને મુખ્યત્વે ચાર પરિણામો મળે છે.

- તેણે જીવનમાં ધાર્યું હોય છે તેનાથી વધારે મળે છે.
- તેણે જીવનમાં ધાર્યું હોય છે. તેનાથી તેટલું મેળવે છે.
- તેણે જીવનમાં ધાર્યું હોય છે. તેનાથી ઓછું મેળવે છે. અથવા
- તેણે જીવનમાં ધાર્યું હોય છે. તેનાથી વિપરીત મળે છે.

આ પરિણામોમાં તેની ખુશીની માત્રા બદલાતી રહે છે. ક્યારેક તે ઉમંગ-ઉત્સાહમાં આવી જાય છે. ક્યારેક હતાશ અને નિરાશ થાય છે. ક્યારેક દિશાહીન બની મૂંઝવણ અનુભવે છે, ચિંતાગ્રસ્ત થઈ જાય છે. આવી પરિસ્થિતિને આજના સમયના મહારોગ dipresson તરીકે ઓળખવામાં આવે છે. આવનારા સમયમાં વિશ્વવ્યાપી સંસ્થાઓ પોલીઓ મુક્ત, ક્ષયમુક્ત વર્ષોની જેમ depression free year મનાવે તો નવાઈ નહીં.

પ્રશ્ન એ છે કે ખુશહાલ જીવન માટે માણસે શું કરવું જોઈએ. કેવા લક્ષ સાથે માનવી જીવનમાં શરૂઆતથી પ્રયત્નો કરે તો હતાશામાંથી બચી શકે. જેમ દેહભાન એ બધા જ વિકારોનું મૂળ છે તેમ ખુશી ગાયબ થવાના બધા જ કારણોના મૂળમાં જઈએ તો મુખ્ય બે વાતો સમજાય છે.

- વ્યક્તિ જે કરવું હોય તે કરી શકતો નથી.
- વ્યક્તિ જે ગમતું હોય તે કરી શકતો નથી.

સમાન લાગતા આ કારણોમાં ફર્ક છે. કરવું એ હદની વાત છે. ગમવું એ બેહદની વાત છે. વ્યક્તિ જે ગમે એ બધું જ ન કરી શકે પરંતુ જે કરે તેને ગમાડી શકે. કહેવાય છે do what you like or like what you do. આવુ કરવાનો બહુ સહજ ઉપાય છે.

- તમારે જે કરવું હોય તે કરી શકો. તો તમે માણસ બનો.
- તમને જે ગમે, તે તમે કરી શકો. તો તમે Master God (ભગવાન જેવા) બનો. હવે પુરુષાર્થ આરંભ કરી તમારી ખુશી પાછી મેળવી લો. વધુ સ્પષ્ટતા જોઈએ તો શોધી કાઢો.
- માણસ કે માનવી કેવી રીતે બનાય.
- Master God (ભગવાન જેવા) કેવી રીતે બનાય. સંસારમાં માત્ર માણસને જ માનવી માનવ થાઉં તો ઘણું કહેવામાં આવે છે. બીજા પ્રાણીઓની બાબતમાં ક્યારેય સાંભળ્યું નથી. અર્થાત્ મનુષ્ય તેના ઓરીજીનલ સંસ્કારો,

ગુણો, શક્તિઓ અને વિશેષતાઓને ઓળખી લે તો નવા બનવું સરળ છે.

હવે બીજી વાત Master God બનવા આપણે ઈશ્વરના, પરમાત્માના ગુણો, શક્તિ અને વિશેષતા વિષે જાણવું પડે જેના ફળસ્વરૂપે તમે એ બધું કરી શકો જે તમને ગમે છે જેમ કે સંગીત કે ચિત્રના વિષયનું જ્ઞાન ન હોવા છતાં, આર્કિટેક્ટ ન હોવા છતાં, કલ્પનામાં ન આવે તેની કૃતિ, સંગીત કે ડીઝાઈન રચી શકો. ગાઈ શકો, ચિત્ર દોરી શકો એવું બીજું ઘણું બધું જે ને આપણે God Gift કહીએ છીએ તમારા પ્રત્યેક કાર્યમાં અલૌકિકતા દેખાશે.

ભારતીય સંસ્કૃતિમાં દિવ્ય કર્તવ્ય કરતા દેવતાઓ આપણા જેવા મનુષ્ય જ હતા. આ વાત આપણે જાણીએ છીએ. જેમના જીવનમાં અપાર સુખ-ખુશી હતી. દિવ્યગુણોને ધારણ કરતા જાય અને ચાહો તે કરી શકોની ક્ષમતા મેળવી લો. મન-બુદ્ધિનો સકારાત્મક ઉપયોગ કરો પછી જુઓ તમને જે ગમે છે તે કરતા તમને કોણ રોકી શકે તેમ છે.

હવે તમને પ્રશ્ન થશે કે આ કરવું તો છે પણ માર્ગદર્શન કોણ આપશે ? ચિંતા કરશો નહીં સર્જનહારે તેની વ્યવસ્થા પણ તમારા માટે કરી આપી છે. વિશ્વમાં 'બ્રહ્માકુમારીઝ'ના કોઈપણ નજીકના સેવાકેન્દ્ર ઉપર પહોંચી જાવ સંપૂર્ણ માર્ગદર્શન અને મદદ વિના મૂલ્યે મળી રહેશે. સર્જનહારે તેના બાળકોમાં એવી કળાઓને ઉજાગર કરી છે જે ને જોતા તમે અચંબામાં પડી જશે. અહીંના બ્રહ્માવત્સોમાં પરમાત્માએ કલ્પી ન શકાય તેવી શક્તિઓ અને વિશેષતાઓ ભરી છે. આ બ્રહ્માવત્સો તેમના ત્રીજા નેત્રથી અદ્‌ભુત રચનાઓ રચે છે અને મનગમતી રચના રચી અનહદ ખુશીનો અનુભવ કરી રહ્યા છે. તમારું જીવન પણ ખુશીઓથી ભરી જશે. જ્યારે તમે પણ તમારે કરવું છે તે અને તમને ગમે છે તે કરી શકશો પરિવારમાં ખુશી છવાઈ જશે અને સ્વર્ગની અનુભૂતિ કરી શકશો.

ચાલો, આજે જ, આજે નહીં તો ક્યારેય નહીં.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 23નું અનુસંધાન)...આપણી ગાગરને

અગણિત સંખ્યા જ્યારે એને અનેક મુખે, અનેક વાત કરે ત્યારે એવી ક્ષુલ્લકતા - સામાન્યતામાં સરી જવું એ આત્મનાશનો જ એક માર્ગ છે. વિવેકશીલ માનવી તો ક્ષણજીવી વંટોળીયાની નોંધ પણ લીધા વીના જીવન રૂપી ગાગરને પરમાત્માના સાગરમાર્ગે ચાલ્યો જ જશે.

આપણને મહાન કહેવડાવવાનું ગમે છે. પણ આપણે તો ગાગરમાં જ આપણા અંતરના આપણા વકીલને આપણે સત્યવાન છીએ એવું સાબિત કરવાનું સોંપી દઈ અવાજને પૂરીને નિશ્ચિંત બની જઈએ, એ પણ આપણને ખબર નથી કે સત્ય સાંકડા મોંઢામાં તો પ્રવેશી પણ શકતું નથી તો પછી એને ગાગરમાં પૂરી ક્યાંથી શકાય ?

મિત્રો, ચાલો આપણી ગાગરને પરમાત્મા સાગર પાસેથી શક્તિ અને ગુણોથી ભરી દઈએ અને સાચી શાંતિનો અનુભવ કરીએ અને એવો અનુભવ આપણા પરિવારને પણ કરાવવા માટે પ્રેરણા સ્ત્રોત બનીએ એવી શુભ ભાવના અને શુભકામના સાથે...

॥ ઓમશાંતિ ॥

આપણી ગાગરને સાગર પાસે તો...

બ્ર.કુ. અનિલ, સુરત

મનુષ્ય તરીકે આપણે પ્રથમ પણ નથી અને અંતિમ પણ નથી, પણ આપણી ગઈકાલ અને આવતીકાલ વચ્ચેના વર્તમાનને - જીવન સાગરને - સંકુચિત દૃષ્ટિની ગાગરમાં ભરવાનો પ્રયત્ન કરી કંઈક કર્યાનો આત્મસંતોષ લેવાની વૃત્તિમાં રાચીએ છીએ. મહદઅંશે આપણે આપણા હૃદયને નામે વ્યાપાર કરીએ છીએ પણ હૃદયને વ્યાપક બનાવવાનું આપણે શીખ્યા નથી. કદાચ કોઈવાર ભૂલેચૂકે - અંતરનું અમૃત હાથ લાગી જાય ત્યારે આપણે આપણી મૂઠ્ઠી જેવડા સ્વાર્થ માટે એ અમૃતને વિષ બનાવી રેલાવતા અચકાતા નથી. આજ આપણી ગાગર દૃષ્ટિ છે. શું આપણે સતત ક્ષતિરેખામાં જીવીને, સંકુચિત સરહદોમાં સત્યને પૂરીને વ્યર્થના ફેરા ફર્યા કરીશું ? ગાગરમાં સાગરને સમાવવાનો મિથ્યા પ્રયત્ન કરીશું ?

આપણે જીવાત્માઓ ગાગર સમાન છીએ. પરમપિતા પરમાત્મા સાગર સમાન છે. તેથી જ આપણે ગાઈએ છીએ 'તું પ્યાર કા સાગર હૈ તેરી એક બુંદ કે પ્યાસે હમ', જેને પ્રેમના સાગર ભગવાન પોતે છોડી દે એને આ જગતની કોઈ તાકાત ડૂબતા બચાવી શકે અને જે ભગવાનના હાથમાં હોય એને કોઈ તાકાત ક્યારેય ના ડૂબાડી શકે.

આ વાતને આપણે દૃષ્ટાંતથી સમજીએ. રામાયણમાં એક સુંદર પ્રસંગ આવે છે. શ્રી રામચંદ્રજી સીતાને મેળવવા માટે જ્યારે લંકા જવા માટે સમુદ્ર પર પૂલ બાંધવાનું કામ આરંભે છે ત્યારે નલ અને નીલ નામના બે વાનરને પથ્થરનો પૂલ બનાવવા માટેની મુખ્ય જવાબદારી સોપવામાં આવે છે. કથા એવી છે કે નલ અને નીલ કોઈપણ વસ્તુ પાણીમાં નાંખે, એ પથ્થર પાણીમાં તરવા લાગે અને એ રીતે પૂલ આગળ વધે શ્રી રામચંદ્રજી આ બધું જોઈ રહ્યા છે. એ વિચારવા લાગ્યા કે આ બધા વાનરો કેટલો બધો શ્રમ કરે છે. રાત-દિવસ એક કરીને પણ એ પૂલ બનાવવાના કાર્યમાં લાગ્યાં છે. મારે પણ આ લોકોને કંઈક મદદ કરવી જોઈએ.

એકવાર વિશ્રાંતિના સમયે શ્રી રામચંદ્રજીએ કોઈ ન જુએ એ રીતે એક પથ્થર ઉપાડીને પાણીમાં નાંખ્યો. તો એ પથ્થર તરત જ ડૂબી ગયો, બીજો પથ્થર નાંખ્યો તો એ પણ ડૂબી ગયો. હનુમાનજી એક શિલાની પાછળ છૂપાઈને આ જોઈ રહ્યા હતાં રામચંદ્રજીએ ખૂબ પ્રયાસ કર્યા પણ કોઈ પથ્થર તરે નહીં. રામચંદ્રજી પાછળ જોયું અને એણે હનુમાનજીને જોયા. એટલે રામચંદ્રજી થોડું શરમાઈ ગયા.

હનુમાનજીએ હાથ જોડીને રામચંદ્રજીને કહ્યું, પ્રભુ હું ક્યારનો આપને પાણીમાં નાંખતા પથ્થર જોઈ રહ્યો હતો. રામચંદ્રજી થોડા સંકોચ સાથે હનુમાનજીને કહ્યું, હનુમાન, મને એ નથી સમજાતું કે આવું કેમ થાય છે ? મેં નાંખેલા પથ્થર કેમ તરતાં નથી ? હનુમાનજીએ વિનમ્ર ભાવે કહ્યું, પ્રભુ, જેને આપ છોડી દો એ કેવી રીતે તરી શકે ? જે આપણા હાથમાંથી જાય એ ડૂબ્યા સિવાય કેવી રીતે રહી શકે ? આપણે જીવાત્મારૂપી ગાગરે તરવા માટે બધા દૂર દૂરથી પત્થર લાવી, શાંતિના સાગર પરમાત્માના હાથમાં રહીશું ત્યાં સુધી આપણી ગાગર ક્યારેય ડૂબશે નહીં.

ગાગરરૂપી જીવન એવું તો ગહન અને વ્યાપક છે કે સંકુચિત મોઢિયાવાળા નિંદકોની

(અનુસંધાન પેજ નં. 22 પર)

પ્રકૃતિનાં પાંચ તત્ત્વો અને મહતત્ત્વમાં આત્મા અને પરમાત્માનો રોલ

બ્ર.કુ. કેશુભાઇ પટેલ, મહાદેવપુરા, પ્રાંતિજ

સમગ્ર પૃથ્વી પ્રકૃતિનાં પાંચ તત્વોની રચના છે. અગ્નિ, પૃથ્વી, વાયુ જળ અને આકાશ - આ તત્ત્વોથી જડ, ચેતન, સ્થૂલ, સૂક્ષ્મ પદાર્થો / શરીર બનેલા છે. આવી રચનાઓ સ્થૂલ કે સાકારી દુનિયા તરીકે ઓળખાય છે. સાકારી દુનિયા છે તેને સામે પાર ઉંચે તે ઉંચે, અતિ અતિ દૂર આત્મા અને પરમાત્માની દુનિયા છે, જ્યાં નિરાકાર આત્માઓ અને નિરાકાર પરમાત્મા રહે છે તેને નિરાકારી દુનિયા કહે છે. સાકારી દુનિયા અને નિરાકારી દુનિયા વચ્ચે એક ત્રીજી દુનિયા છે તેને આકારી દુનિયા કહે છે. સાકારી દુનિયા અને નિરાકારી દુનિયાની વચ્ચે આકારી દુનિયા છે તે ડિવાઈડર રૂપે વચ્ચે છે. આકારી દુનિયાની નીચે સાકારી દુનિયા છે જ્યાં માનવ, પશુ, પક્ષી, જળચર, ભૂચર, ખેચર, વનસ્પતિ, સૂક્ષ્મ તથા સ્થૂળ પદાર્થોનું અસ્તિત્વ છે. સૌથી ઉપર, આકારી દુનિયાથી પણ ઉપર આત્માઓ અને પરમાત્માનું કાયમી નિવાસ સ્થાન છે. જેને નિરાકારી દુનિયા કહેવાય છે. નિરાકારી દુનિયાના અનેક નામો છે જેવા કે - શાંતિધામ, પરમધામ, બ્રહ્મલોક, મૂળવતન, મુક્તિધામ, નિર્વાણધામ, નિરાકારી દુનિયા, મોક્ષધામ, સાતમું આસમાન, મહતત્ત્વ, મહતત્ત્વ એ આત્માઓનું કાયમી નિવાસ સ્થાન છે. પાંચ તત્ત્વોની બનેલી સૃષ્ટિની સામે પાર છઠ્ઠું તત્ત્વ છે જે અખંડ જ્યોતિ મહતત્ત્વ છે. (સંદર્ભ તા. 29-12-2018ની મુરલી)

સ્થૂલ શરીર ધારણ કરેલ, દરેક જીવનું શરીર પ્રકૃતિના પાંચ તત્ત્વો (અગ્નિ, પૃથ્વી, વાયુ, જળ અને આકાશ)થી બનેલું છે. આ પૃથ્વી પર હાલ રાસાયણિક તત્ત્વોની સંખ્યા 118 છે, તે પૈકીનું જ શરીર બનેલું હોય છે. સ્થૂળ શરીર દૃશ્યમાન છે એને વજન છે, અવયવો છે, આકાર છે, દેખાવ છે, સુંદરતા / કદરૂપતા છે, ભૌતિક અસ્તિત્વ ધરાવે છે આત્મા અને પરમાત્મા સૂક્ષ્માતિસૂક્ષ્મ બિંદુરૂપ છે, પ્રકાશ પુંજ છે. આત્મા માઈક્રોસ્કોપથી પણ જોઈ શકાતો નથી. આત્મા શસ્ત્રોથી છેદી શકાતો નથી. અગ્નિ તેને બાળી શકતો નથી. પાણી ભીંજવી શકતો નથી, વાયુ સૂકવી શકતો નથી, દુનિયાનો કોઈપણ અભેદ્ય પદાર્થ રોકી શકતો નથી. આત્મા અને પરમાત્મા બંને બિંદુરૂપ છે, દેખાવે સમાન છે પરંતુ ગુણો, શક્તિઓ અને સામર્થ્યમાં ઘણો મોટો તફાવત છે. આત્મા અને પરમાત્માનું કાયમી નિવાસસ્થાન મહતત્ત્વ છે. આ કૃતિમાં પ્રકૃતિનાં પાંચ તત્ત્વો અને મહતત્ત્વમાં રહેનાર આત્મા અને પરમાત્માના રોલ વિષે સમજવાનો પ્રયત્ન કરીએ.

આત્માઓ દેહધારણ કરે છે, જન્મ મરણના ચક્રમાં આવે છે. સાકારી દુનિયામાં આવી જુદા-જુદા દેહ ધારણ કરી સૃષ્ટિરંગમંચ પર પાત્રો ભજવે છે. પૂરા કલ્પને અંતે પરત પરમધામ જાય છે, જ્યારે શિવબાબા બ્રહ્માબાબાના તનમાં અવતરિત થઈ સંગમયુગના ટૂંકા સમયમાં રોલ ભજવી, જ્ઞાન યજ્ઞ રચી, નવી સૃષ્ટિની રચના કરીને સંગમયુગના અંતે પરત મહતત્વ જાય છે.

પાંચ તત્ત્વોના સંયોજન અને બંધારણથી બનેલ માનવ શરીરને જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો

હોય છે. મનુષ્યાત્મા જ્ઞાનેન્દ્રિય, કર્મેન્દ્રિય અને અવયવો દ્વારા કર્મ કરે છે. સતકર્મો કરીને પુણ્યનું ખાતુ વધારે છે, તથા વિકર્મો કરીને પાપનું ખાતુ વધારે છે. પાછલા જન્મોના કર્મના હિસાબના લીધે તથા ચાલુ જન્મના કર્મના હિસાબના લીધે સુખ અને દુઃખની ભોગના ભોગવે છે. મહતત્ત્વમાં આત્મા શરીર ધારણ કરતો નથી તેથી મહતત્વમાં નિવાસ દરમિયાન કર્મનો હિસાબ બનતો નથી, પરંતુ તેનામાં પાછલા જન્મોનો પાર્ટ નોંધાયેલો હોય છે, રેકોર્ડ હોય છે અને તેના આધારે જ પછીના કલ્પમાં જન્મો ધારણ કરે છે.

પંચતત્ત્વ શરીરધારી મનુષ્યાત્મા સંગમયુગે પુરુષાર્થ કરી સતકર્મોનું બેલેન્સ કરે છે તે જ રીતે વિકર્મોનું પણ બેલેન્સ કરે છે. આવા કર્મોની બાંધીમુદતની થાપણ (FD) બને છે જે સંગમયુગે સ્થપાયેલ બેંકમાં કર્મના હિસાબમાં જમા થાય છે. કર્મના મુદ્દલમાં વ્યાજ ઉમેરાઈ FD પાકે છે. જે દ્વાપરયુગમાં અને કલિયુગમાં મનુષ્યાત્મા મેળવે છે તે અનુસાર પરિવાર, સંબંધી, મિત્રો, પાર્ટનર મેળવી સુખ / દુઃખ ભોગવે છે. મહતત્ત્વમાં રહેતો આત્મા તેની FD સાથે શાંતિમાં, કર્મ વિહિન અવસ્થામાં પરમાત્માનું સાનિધ્ય મેળવે છે. પરંતુ પુણ્યનું કે પાપનું ખાતુ બનતું નથી.

પંચતત્વ શરીરધારી આત્મા સંગમયુગે ભક્તિમાર્ગમાં હશે અથવા તો જ્ઞાનમાર્ગમાં હશે. જે બ્રાહ્મણ આત્માઓ જ્ઞાનમાર્ગમાં જોડાઈને સંગમયુગે પવિત્ર બન્યા હશે બાબાએ આપેલ જ્ઞાન લઈ સતોગુણી બની સતકર્મોના ખાતાથી ભરપૂર હશે તેવા આત્માઓ પાંચતત્ત્વોની દુનિયામાં મહતત્વથી નીચે આવનાર પ્રથમ આત્માઓ હશે. સૃષ્ટિ રંગમંચ પર તેમનો જ પાર્ટ લાંબો હશે અને તેવા આત્માઓ મહતત્ત્વમાં રોકાણ ઓછામાં ઓછું હશે. તેનાથી વિપરીત સંગમયુગે જ્ઞાન નહીં મેળવનાર વિકર્મી આત્માઓ કર્મના ખાતા અનુસાર પાછળથી સાકારી દુનિયામાં આવશે અને સૃષ્ટિરંગમંચ પર તેમનો પાર્ટ ટૂંકો હશે, તેમનું મહતત્વમાં રોકાણ લાંબુ હશે. વળી કેટલાક આત્માઓ કલિયુગના અંત સમયે માત્ર દુઃખો ભોગવવા જ સૃષ્ટિ રંગમંચ પર પાર્ટ બજાવવા આવશે. અને તેવા આત્માઓનું મહતત્વમાં રોકાણ અતિ લાંબુ હશે.

સતયુગથી કલિયુગ સુધી પાત્ર ભજવનાર આત્માઓ દેહ ધારણ કરીને અવયવો કર્મેન્દ્રિયો દ્વારા કર્મો કરીને પાર્ટ બજાવે છે. મુખ દ્વારા બોલી શકે છે. કાન દ્વારા સાંભળી શકે છે. તેથી સાકારી દુનિયા ટોકી વર્લ્ડ તરીકે ઓળખાય છે. પાંચ તત્ત્વોની દુનિયા ટોકી વર્લ્ડ છે. મહતત્ત્વમાં આત્મા નિરાકાર છે. દેહ ધારણ કરતા નથી. વિદેહી છે અવાજ કરી શકતા નથી. અવાજ સાંભળી શકતા નથી તેથી મહતત્વ વોઈસલેસ વર્લ્ડ તરીકે ઓળખાય છે.

કલિયુગના અંત સમયે માનવજાત દ્વારા પ્રકૃતિના પાંચ તત્ત્વોનો દૂરુપયોગ, પ્રદૂષિતતાના લીધે પ્રકૃતિના પાંચેય તત્વો ગુસ્સાઈત થાય છે, અને તેના પરિણામે મનુષ્યાત્માઓ પણ તમોપ્રધાન અને અશાંત બની જાય છે. પરિણામે કલિયુગમાં દુઃખ અને દુઃખ જ હોય છે. મહતત્વમાં કાયમી શાંતિ રહે છે તેથી મહતત્વમાં બધા જ આત્માઓ શાંતસ્વરૂપ હોય છે.

પાંચ તત્વોની દુનિયા એ આત્મા માટે વિદેશ છે. જ્યારે મહતત્વ એ આત્માનો સ્વદેશ છે. પાંચ તત્વોની દુનિયામાં મનુષ્યાત્મા ભૌતિક સુખોની આશા અને તૃષ્ણામાં ભટક્યા કરે છે, અને દુઃખી રહે છે. મહતત્વમાં આત્માને દેહ નથી, દેહની જરૂરિયાતો નથી. આશાઓ, તૃષ્ણાનો લોભ નથી તેથી મહતત્વમાં આત્માને શાંતિ જ શાંતિ છે

શાંતિનું સુખ છે.

પ્રકૃતિના પાંચ તત્વોની દુનિયામાં મનુષ્ય, પ્રાણી, પક્ષી, ભૂચર જળચર છે વનસ્પતિ છે. જીવન જીવવાની અને ટકાવી રાખવાની હરીફાઈ છે. મહતત્વમાં આત્માઓ અને પરમાત્મા જ છે. આત્માઓની સુષુપ્ત અવસ્થા છે. શિવબાબા તેમની રચનાઓનું ચિંતન કરે છે.

પાંચ તત્વોની દુનિયા વૈવિધ્યરંગી દુનિયા છે. પુણ્ય આત્માઓ છે તો પાપ આત્માઓ પણ છે. સુખી આત્માઓ છે તો દુઃખી આત્માઓ પણ છે. પરમાત્માને ઓળખનારા આત્માઓ છે તો નાસ્તિક આત્માઓ પણ છે. ભોગી આત્માઓ છે તો રાજયોગી આત્માઓ પણ છે. ભોગી આત્માઓ શક્તિહીન કંગાળ બની જાય છે. શાંત આત્માઓ છે તો અશાંત આત્માઓ પણ છે. મહતત્વમાં આત્માઓની કર્મવિહિન શાંત અવસ્થા છે.

પાંચ તત્વોની દુનિયામાં કુદરતી આપદાઓની અને વિજ્ઞાનની વિનાશકારી શક્તિઓ છે જે ભય અને અશાંતિ ફેલાવનારી છે. વિકારો પ્રબળ થતા જાય છે. વિકારોથી આત્માઓની શક્તિઓ ક્ષીણ થઈ જાય છે, નાશ પણ પામે છે. આત્માઓ ભયભીત દુર્બળ, કમજોર, હતાશ અને રોગી બની જાય છે. મહતત્વમાંના નિવાસ દરમિયાન આત્માઓ સુષુપ્ત હોવા છતાં સૂક્ષ્મશક્તિઓ અને ચૈતન્યતાથી ભરપૂર થાય છે. મહતત્વમાં પહોંચનાર રાજયોગી આત્મા બાબાના સાનિધ્યમાં રહી યોગઅવસ્થા દરમિયાન બાબાની શક્તિઓથી ભરપૂર થાય છે. બાબાના ખજાનાથી પણ ભરપૂર થઈ જાય છે.

જે આત્માઓ સંગમયુગે પરમપિતા પરમાત્માએ રચેલા રુદ્ર ગીતા જ્ઞાન યજ્ઞમાં નહીં જોડાયા હોય, તેવા આત્માઓ અજ્ઞાનના લીધે દુઃખી, અશાંત, વિકારી અને કમજોર હશે. વિકારી આત્મા, અન્ય આત્માઓને પણ તેમના જેવાજ વિકારી બનાવી દુઃખી કરશે, આવા આત્માઓ સતયુગ ત્રેતાયુગમાં જન્મ લેશે નહિ. સંગમયુગે જે બ્રાહ્મણ આત્માઓ રુદ્ર ગીતા જ્ઞાન યજ્ઞમાં જોડાયા હશે. રાજયોગી બન્યા હશે તેવા આત્માઓ મહતત્વમાં યોગ દરમિયાન બ્રહ્મા પાસેથી કલ્યાણકારી શક્તિઓ મેળવશે. યોગથી પોતાનું કલ્યાણ કરશે અને અન્ય આત્માઓનું પણ કલ્યાણ કરશે. એવા આત્માઓ સતયુગી દુનિયામાં ઉચ્ચપદ મેળવી સુખ શાંતિ અને સમૃદ્ધિ મેળવશે.

પાંચ તત્વોની દુનિયામાં સંગમયુગે બ્રાહ્મણ આત્માઓની, આત્માની બેટરી ચાર્જ થાય છે. જ્યારે આવા આત્માઓ મહતત્વમાં જાય છે. ત્યારે તેમની બેટરી ફૂલ ચાર્જ હોય છે, અને એવા આત્માઓ જ્યારે ફરી પાંચતત્વોની દુનિયામાં આવે છે ત્યારે તેજ આત્માઓની બેટરી સંગમયુગથી કલિયુગ સુધી પાર્ટ બજાવતાં બજાવતાં ડીસ્ચાર્જ થાય છે.

પાંચતત્વોની દુનિયામાંથી મહતત્વમાં જવાનું અને મહતત્વથી પાંચ તત્વોની દુનિયામાં આવવાનું ચક્ર 'રેંટ'(જૂના જમાનામાં ડિઝલપંપ અને ઈલેક્ટ્રીક મોટરો નહોતી ત્યારે કૂવામાંથી પાણી ખેંચવા માટે કોટા અને રેંટનો ઉપયોગ થતો) સમાન છે. સંગમયુગે બ્રાહ્મણ આત્માઓ ઈશ્વરીય જ્ઞાન, ગુણ, શક્તિ, પવિત્રતાથી ભરપૂર (કૂવામાં રેંટનું કુંડું પાણીથી ભરાય તેમ) થાય છે અને સતયુગથી કલિયુગ સુધી જ્ઞાન, શક્તિ, ગુણ અને પવિત્રતા ગુમાવે છે. (કુંડાનું પાણી કૂવાના થાળામાં ખાલી થાય તેમ)

પ્રિય આત્મન્ બંધુઓ પાંચ તત્વોની દુનિયા

(અનુસંધાન પેજ નં. 29 પર)

ચિંતન

ઈશ્વરીય જ્ઞાન અને નરસિંહ મહેતાનું સર્જન

બ્ર.કુ. પિનાક, નારણપુરા, અમદાવાદ

આજથી 600 વર્ષ પહેલાં થઈ ગયેલા નરસિંહ મહેતાના જીવન અને સર્જનનો જો આપણે ગહન અભ્યાસ કરીએ તો જણાશે કે બ્રહ્માવત્સોની જેમ તે પહેલાં નિરાકારને પણ માનતો હતો. તેના જ્ઞાન-વૈરાગ્યનાં પદોમાં તે પરમાત્માનું નિરાકાર સ્વરૂપ વર્ણવે છે.

'નેત્ર વિણ નિરખવો, રૂપ વિણ પરખવો,
વણ જિહ્વાએ રસ સરસ પીવો.'

જ્યારે લોકો પરમાત્માને સર્વવ્યાપી માને છે ત્યારે તે પરમધામ નિવાસી પરમાત્મા માટે કહે છે,

'નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો,
તેજ હું તેજ હું શબ્દ બોલે.'

બ્રહ્માવત્સો એની પંક્તિઓનો પ્રવચનો કરવામાં, રાજયોગ શિબિરમાં, આત્માના પરિચયમાં ઉપયોગ કરે છે,

'જ્યાં લગી આત્મા તત્વ ચિન્યો નહીં,
ત્યાં લગી સાધના સર્વ જૂઠી'

બાબા દેહભાન ભૂલીને, સ્ત્રી પુરુષના ભેદથી મુક્ત બનીને, અશરીરી બનીને યાદ કરવાનું કહે છે. નરસિંહે લખ્યું છે,

'પુરુષ પુરુષાતન લીન થયું માહરું,
સખી રૂપ થયો ગીત ગાવા.'

ભક્તિમાર્ગમાં મુક્તિની વાત મોટા પ્રમાણમાં કરવામાં આવે છે. નરસિંહ મુક્તિની વાત કરતો નથી. સૃષ્ટિચક્રના જ્ઞાનને અનુસરે છે.

'હરિના જન તો મુક્તિ ન માગે,
માગે જન્મોજન્મ અવતાર રે.'

દેહ અભિમાન, દેહ અહંકાર દૂર કરવા નરસિંહ લખે છે.

'હું કરું હું કરું એજ અજ્ઞાનતા,
શકટનો (ગાડાનો) **ભાર જેમ શ્વાન તાણે.'**

સૃષ્ટિચક્રમાં સુખ દુઃખ તો આવે જ છે. તેથી તે લખે છે.

'સુખ દુઃખ મનમાં ન આણીએ,
ઘટ સાથે રે ઘડિયાં'

ઈશ્વરીય જ્ઞાન, ભક્તિમાર્ગમાં પણ વહેલા ઉઠીને, અમૃતવેળાએ ઈશ્વરને યાદ કરવાનું તે લખે છે.

'રાત રહે જયાહરે પાછલી ખટ ઘડી,
સાધુ પુરુષને સૂઈના રહેવું,
નિદ્રાને પરહરી, સમરવા શ્રી હરિ.'

બ્રહ્માવત્સોની જેમ તે જ્ઞાતિજાતિના ભેદભાવમાં માનતો નહોતો. તે જમાનામાં તે હરિજનવાસમાં ભજન કરવા જતો હતો. જેને કારણે તેને સહન પણ કરવું પડ્યું હતું.

નરસિંહે ઈશ્વરીય જ્ઞાનને રજૂ કર્યું છે. તે લખે છે **પુણ્ય કરી અમરાપુરી (સ્વર્ગ) પામ્યા અંતે ચોરાસી મહીં રે.**

અર્થાત્ દેવતાઓ પ્રારબ્ધનો ક્ષય થતાં તેઓ 84 જન્મના ચક્કરમાં આવી જાય છે.

જાણીતા વિવેચક બળવંતરાય કલ્યાણરાય ઠાકોર લખે છે, **'નરસિંહનાં કેટલાંક કાવ્યો Inspired - ત્રીજાનેત્રની પ્રસાદી જેવાં છે.'** તેની

(અનુસંધાન પેજ નં. 29 પર)

માનવ આત્માનું પરિવર્તન

બ્ર.કુ. જીવણભાઈ, મહાદેવનગર, અમદાવાદ.

ઈશ્વરીય રચનામાં મનુષ્યની રચનાને સર્વશ્રેષ્ઠ માનવામાં આવી છે, એનું કારણ એ છે કે મનુષ્યમાં જે ચેતના છે તે અનેક ગુણો અને શક્તિઓથી ભરપૂર છે. વિજ્ઞાનની શોધમાં એ પ્રાપ્ત થયું છે કે આખો સંસાર ઉર્જાના સૂક્ષ્મ કણો સાથેના મિશ્રણથી બનેલો છે. આ સૂક્ષ્મકણો અવિનાશી અને અનંત છે, જે સ્વરૂપ બદલી શકે છે. પરંતુ નાશ પામતા નથી. આ કણો સતત ગતિશીલ રહેતા હોવાના કારણે નિશ્ચિત સમય પછી ઉર્જાના ઉપરના ભાગથી લઈને ઉર્જાના નીચેના ભાગ સુધી અને પુનઃ નીચેના સ્તરથી કોઈ ઘટનાક્રમ અનુસાર ફરી ઉપરના સ્તરે પહોંચવા માટે સતત ચક્રવાતમાં જ બંધાયેલા રહે છે. એ જ રીતે મનુષ્ય - આત્માની શક્તિ પણ ઉંચી અવસ્થામાં રહેતા દેવતુલ્ય અને નીચેની અવસ્થામાં આવતા દાનવતુલ્ય બને છે.

શક્તિનું ઊંચુ સ્થાન.... ગુણવાન.

ઉર્જાની ઉંચી અવસ્થા માનસિક શક્તિમાં વૃદ્ધિ કરીને મનુષ્યને ગુણવાન, ચરિત્રવાન, શક્તિવાન અને રૂપવાન બનાવી દે છે. એના કારણે આજુબાજુની પ્રકૃતિ અને પ્રાણી પણ ઉર્જાની ઊંચી અવસ્થાવાળા બની જાય છે. પ્રકૃતિ સુંદર અને સુખદાયી બનતાં સમસ્ત સંસાર સ્વર્ગ કહેવાય છે. પરંતુ ક્રમશઃ યુગકાળમાંથી પસાર થતાં થતાં મનુષ્યની આ આત્મિક / આધ્યાત્મિક ઉર્જા પણ ધીરે-ધીરે ઘટતાક્રમની નીચેની દિશામાં ઉતરતી રહે છે જેનાથી મનુષ્યનું ચરિત્ર, ગુણ અને શક્તિ ઓછી થતા પ્રાકૃતિક સૌંદર્યપણ ઘટવા લાગે છે. આત્માના આત્મિક ગુણો જેવાં કે પ્રેમ, શાંતિ, પવિત્રતા, જ્ઞાન, શક્તિ, સુખ અને આનંદ વગેરે વિકૃત બનીને નફરત, અશાંતિ, અપવિત્રતા, અજ્ઞાનતા, શક્તિહીનતા, દુઃખ, વિષાદ, ઈર્ષ્યા, દ્વેષ, ભય, રોગમાં ફેરવાઈ જાય છે. ચારિત્ર્ય અને ગુણો ઉતરતી કક્ષામાં પ્રવેશતાં જ ઈશ્વરને ભૂલી, પોતાની આત્માની સ્થિતિને ભૂલી દેહભાનમાં રહી અત્યાચારી, દુરાચારી, બળાત્કારી, ભ્રષ્ટાચારી, લોભાચારી અને અહંકારી બની જાય છે. આ દૂષિત વાતાવરણથી પ્રકૃતિના પાંચે તત્ત્વો પણ દૂષિત, અસમતોલ બની જાય છે.

સમાજ અને સંસાર - રંગભેદ, જાતિભેદ, ભાષાભેદ, ધર્મભેદ, નીતિભેદ, રાષ્ટ્રભેદ જેવા અનેક ભેદી ફાંટાઓમાં વિખરાઈ જાય છે.

આત્મિક શક્તિ ઘટતાં સ્વરૂપમાં બદલાવ

જે રીતે પરમાણું તેના કેન્દ્ર સ્થાનની કક્ષામાં ચારે દિશામાં ચક્રવાતમાં ઘૂમતાં-ફરતાં હોય છે. ત્યારે ઉપરની કક્ષાના ઈલેક્ટ્રોન કણની ઉર્જા ઘટી જતાં તે સંરચનાથી બહાર જતાં રહે છે અને તેનું સ્વરૂપ બદલાઈ જાય છે. આ રીતે મનુષ્ય આત્માની આત્મિક શક્તિમાં ઘટાડો થતાં તે પણ પોતાના મૂળ સ્વરૂપથી બહાર ફેંકાઈને બદલાઈ જાય છે. વાસ્તવિક પ્રેમ અને જ્ઞાનના અભાવે મનુષ્ય બીજા મનુષ્યોને કુદૃષ્ટિથી જોવા માંડે છે. અશુભ ભાવનાઓથી ભરપૂર હોવાના કારણે હિંસાત્મકતા તરફ દોરાઈ જાય છે.

વિકારાગ્નિથી બન્યા પતિત

જડ પ્રકૃતિ પોતાની અંદરના અસંતુલનને નિશ્ચિત મર્યાદા સુધી સહન કરતાં-કરતાં પોતાની જાતે જ સ્વયંમાં ફૂટી જઈને ફરીથી સંતુલિત કરી દે છે. જેમ ફૂગ્ગામાં બરાઈ રહેલી હવાથી અમૂક

મર્યાદા બાદ ફૂગ્ગો સ્વયંફૂટી જાય છે અને હવા પુનઃ સંતુલન પ્રાપ્ત કરે છે. પાણીનો મૂળ સ્વભાવ શીતળ અને રૂપ પ્રવાહી - ગરમ કરતાં રહેવાથી તે સ્વયં ઉકળીને વરાળ બની ઉડી જાય છે. પરમાણુંઓમાં ભળી ફરી ટીપાના રૂપમાં પોતાના વાસ્તવિક સ્વરૂપમાં આવી જાય છે.

મનુષ્ય આત્માઓ પણ વિકારોરૂપી અગ્નિથી પ્રભાવિત થઈને પાપી, કાળા અને નબળા બની ગયા છે. જેને ફરીથી મૂળ સ્વરૂપમાં સ્થિર કરવાની અતિ આવશ્યકતા છે. પ્રકૃતિના વિસ્ફોટની જેમ આપણે પણ આપણી તમામ નબળાઈઓનો વિસ્ફોટ કરવાની જરૂર છે આજે આપણે શ્રીમંત, ગરીબ, પછાત, દલિત, છૂત-અછૂત, હિંદુ, મુસ્લિમ જેવી અસંખ્ય નબળી અને તુચ્છ ભાવનાઓમાં ડૂબેલા છીએ. દરેક મનુષ્ય એક-બીજાની નિંદા, ઈર્ષ્યા કરી બૂરાઈ કરી રહ્યો છે. મનમાં વસી ગયેલી આ પ્રકારની દુર્ભાવનાઓ સ્વ ના અને સંસારના પતનનું કારણ બનતી જઈ રહી છે અરસ-પરસના વિચારોના ટકરાવથી એકબીજાને ક્રોધાગ્નિમાં સળગાવી રહ્યા છે.

વર્તમાનમાં આ અનિષ્ટોથી બચવાનો એક ઉપાયએ છે કે આપણે અલ્પકાલીન દેહાકર્ષણ, ઇન્દ્રિયોના આકર્ષણ અને બાહ્ય ભૌતિક સાધનોના આકર્ષણથી મુક્ત બનતા રહીએ, સ્વયંમાં અને ત્રણે લોકોમાં સર્વશક્તિવાન પરમાત્મા પ્રતિ આપણું ધ્યાન આકર્ષિત કરીએ, અંતર્મુખતાની ગુફામાં બેસી સ્વયંના શક્તિશાળી સાચા સ્વરૂપમાં સ્થિત થઈએ. આ વિધિ રાજયોગ છે. જે સ્વયં પર રાજ્ય કરી શકે છે તે જ પ્રકૃતિજીત, વિકારજીત અર્થાત્ જગતજીત, દેવતુલ્ય અને પૂજનીય બની શકે છે. સ્વચિંતન જ આત્માની ઉન્નતિની સીડી છે. એનાથી જ માનવ આત્માનું સાચું પરિવર્તન સંભવ છે. ॥ **ઓમશાંતિ** ॥

(પેજ નં. 27નું અનુસંધાન)... ચિંતન

પરમાત્મા પ્રત્યેની શ્રધ્ધા અવર્ણનીય હતી. તે પરમાત્માના એકબળ અને એક ભરોસા ઉપર જીવતો હતો. તેની પરમાત્મા પ્રત્યેની અચળ શ્રદ્ધા 'શામળશાનો વિવાહ', 'શ્રાધ્ધ', 'હૂંડી' 'હાર' અને 'મામેરું'માં વ્યક્ત થાય છે.

નરસિંહનું ભજન **'વૈષ્ણવજન તો તેને રે કહીએ' ગાંધીજીને અતિપ્રિય હતું.** આજ સુધીમાં ભિન્ન ભિન્ન કાર્યક્રમોમાં અસંખ્યવાર એ ગવાયું છે, ગવાતું રહે છે. એટલું જ નહીં શાળાના પાઠ્ય પુસ્તકોમાં પણ તે ભણાવાય છે. પી.એચડી. સુધી એના સર્જનનો ઉપયોગ થાય છે. એના જીવન ઉપરથી ચલચિત્રો અને ટી.વી. સીરીયલોનું પણ નિર્માણ થયેલ છે.

મીઠા બાબાએ સર્વમાંથી જ્ઞાન ઉઠાવવાનું કહ્યું છે. ગુણગ્રહણ કરવાનું કહ્યું છે. **જ્યારે આપણા જ્ઞાનને મહાન સ્ત્રી પુરુષોનું અનુમોદન મળે છે ત્યારે ઢીલા પુરુષાર્થીનો નિશ્ચય વધે છે.** સમગ્ર દુનિયા એવું અનુભવશે કે ઈશ્વરીય જ્ઞાન, રાજયોગ એ પરમાત્મા પદત્ત જ્ઞાન છે, યોગ છે. મનને સંકુચિતતાથી મુક્ત બનાવીને સર્વ પ્રત્યે શુભભાવના, શુભકામના રાખવાનું શીખવાડવાનું છે. એક જ ધર્મના અનેક ફાંટા અને સંપ્રદાયો જોવા મળે છે ત્યારે મહિલા સૂત્રધાર આ સંસ્થા દિનોદિન પ્રગતિ કરી રહી છે તેમાંથી પ્રેરણા લેવી જેવી છે.

॥ **ઓમશાંતિ** ॥

(પેજ નં. 26નું અનુસંધાન)... પ્રકૃતિનાં પાંચ

અને મહતત્વની દુનિયામાં આત્માના પરમાત્માના પાર્ટના રોલનો ભેદ હવે સમજાયો હશે એવી શુભ કાળના અને શુભભાવના સહ

॥ **ઓમશાંતિ** ॥

સકારાત્મક વિચાર

બ્ર.કુ. મધુબેન, બાંટવા

આપણા જીવનમાં વિચારોનું ખૂબ જ મહત્વ છે. આપણે હમેશા મનમાં કાંઈને કાંઈ વિચારતા હોઈએ છીએ. કહે છે કે જેવા મનમાં વિચારો હોય એવા આપણે બની જઈએ. આપણું મન એક સમય પર એક જ વિચાર કરી શકે છે. સારા યા ખરાબ વિચાર.

અગર આપણું મન જ્યારે સારા વિચાર પોઝીટીવ વિચારોમાં જતું રહે છે. ત્યારે બધું આપણને સારું જ દેખાય. બધું સારું જ થાય. આપણા મન - વાણી - કર્મ સારા થાય શ્રેષ્ઠ થાય. બધા લોકો માટે પણ આપણા ભાવ અને ભાવનાઓ શ્રેષ્ઠ રહે છે. સર્વ પ્રત્યે પ્રેમ, સહાનુભૂતિ, ખુશી, શક્તિ અને શાંતિ રહે છે. આપણી સદા પ્રગતિ થાય છે.

જ્યારે આપણા મનમાં નેગેટીવ વિચારોની ધારા ચાલવા લાગે છે ત્યારે આપણને વ્યર્થ વિચારો ખોટા અને ખરાબ વિચાર ચાલે છે ત્યારે મન બુરાઈઓ તરફ મુશ્કેલીઓ તરફ ખેચાયેલું રહે છે. લોકોના અવગુણ દેખાય, દોષ દેખાવા લાગે, તકલીફ લાગે આપણો ભાવ અને ભાવનાઓ લોકો પ્રત્યે બદલાય જાય તેમની અસર વહેવાર ઉપર પણ આવી જાય છે અને લોકો સાથે આપણે સારો શ્રેષ્ઠ વહેવાર પણ કરી શકતા નથી અને આપણી મનોસ્થિતિ નેગેટીવ છે તેના કારણે આપણા જીવનમાં શાંતિનો, ખુશીનો, શક્તિનો અનુભવ નથી કરી શકતા. આપણી કદાપિ પ્રગતિ થતી નથી. આપણું મન એક ચુંબક જેવું છે. જે તરફ જાય એ તરફ ખૂબ ગહનતાથી જાય છે.

કહે છે કે માનવ જીવનમાં બધું જ શક્ય છે. બસ ખુદ પર અને સર્વશક્તિવાન પરમપિતા પરમાત્મા શિવ પર વિશ્વાસ રાખવાનો છે.

જેવી રીતે એક માળી નાના નાના ફળ ફુલોના છોડને રોજ પાણી આપે છે. માળીને ખબર છે કે હું રોજ નાના છોડને પાણી આપીશ તો સમય પર ફળ ફુલ મળશે. એમ રોજ આપણે આપણા મન-મસ્તકને સકારાત્મક વિચારોનું પાણી આપતા રહીશું તો આપણું જીવન પણ બદલાઈ જશે. એકવાર એક અંધ વ્યક્તિ લાકડીના ટેકે ભગવાનના મંદિરે પહોંચ્યો જેને બિલકુલ ધૂંધળુ દેખાય. કાંઈ સ્પષ્ટ ન દેખાય. મંદિરમાં એક વ્યક્તિ ભગવાનના દર્શન કરીને નીકળે છે અને બોલે છે. ભાઈ આપતો અંધ છો તમે શું ભગવાનનાં દર્શન કરશો. ત્યારે અંધ વ્યક્તિએ હસતાં-હસતાં કહ્યું કે ભલે હું આંધળો છું હું ભગવાનને નિહાળી નહીં શકું પરંતુ ભગવાન તો મને નિહાળશે. ભગવાનની દૃષ્ટિ તો મારા ઉપર પડશે.

એટલે ખરેખર આપણે જોવાનો દૃષ્ટિકોણ બદલવાનો છે. કાંટાઓથી ઘેરાયેલા ગુલાબના ફુલને જોઈને નકારાત્મક વિચારવાળી વ્યક્તિ એ વિચારે છે કે આ ખૂબ સુંદર ગુલાબનું ફુલ છે. પરંતુ શું ફાયદો ? આટલું ખૂબ સુંદર ફુલ હોવા છતાં કાંટાઓથી ઘેરાયેલું છે. સકારાત્મક વિચારોવાળી વ્યક્તિ એ સુંદર ગુલાબનું ફુલ જોઈને ખુશ થાય છે અને વિચારે છે. વાહ, પ્રકૃતિનું કાર્ય કેટલું સુંદર છે. આટલા બધા કાંટાઓની વચ્ચે પણ આટલું સુંદર ફુલ ખીલવ્યું છે. વાત એક જ છે ફર્ક વિચારોનો છે. એ વાત આપણા ઉપર નિર્ભર કરે છે કે જ્યારે આપણા જીવનમાં દુઃખ આવે પરિસ્થિતિ આવે ત્યારે વધારે દુઃખી થઈ જઈએ યા

સારા પોઝીટીવ વિચાર કરીને આવેલા દુઃખને પરિસ્થિતિને પાર કરીએ. દુઃખ અને પરિસ્થિતિનો અનુભવ લઈને અનુભવી બની આપણા જીવનને એક નવી દિશા તરફ લઈ જઈએ. એટલે આપણા જીવનમાં આવતી નાની મોટી પરિસ્થિત સાથે સંઘર્ષ કરીએ પાર કરીએ, ભાગીએ નહીં, હારી ન જઈએ. આપણે કોઈ પણ વાત નેગેટીવને પોઝીટીવમાં બદલી શકીએ છીએ એ આપણા હાથની વાત છે. જો આપણે પોઝીટીવ વિચારોને પૂરા નિશ્ચય સાથે દોહરાવીએ તો આપણને જીવનમાં સફળતા અવશ્ય મળશે. દુનિયામાં થઈ રહેલી અનેક ઘટનાઓને જોવાનો દરેકનો દૃષ્ટિકોણ અલગ અલગ છે. ઘણા લોકો હંમેશા નેગેટીવ જ જુએ. નેગેટીવવાળી વ્યક્તિ ખામી જ શોધે છે અને ખામી જ કાઢતા રહે છે. એવી વ્યક્તિઓ જીવનમાં સફળ થતી નથી, આગળ વધી શકતી નથી. ઘણા લોકો પોઝીટીવ જ જુએ છે. સારું જ જુએ છે. સારું જ શોધે છે. સારું શોધવાવાળા સારું જોઈને શીખી જાય છે અને આગળ વધી જાય છે એમનું જીવન એ સફળ બનાવે છે.

એકવાર સ્કૂલમાં એક ટીચરે બે વિદ્યાર્થીઓને બોલાવ્યા. તેના વિચારોનો ટેસ્ટ લેવા માટે તે ટીચર તેને કેરીના બાગમાં લઈ ગયા અને એક સુંદર કેરીનું ઝાડ જેમાં કેરીઓ કાચી પાકી લટકતી હતી. ટીચરે એક વિદ્યાર્થીને પૂછ્યું તને આ ઝાડ કેવું લાગે છે ત્યારે એ વિદ્યાર્થીએ કહ્યું કે આ કેરીનું ઝાડ એક તો લોકોને છાંયો આપે શીતળતા આપે અને કેરીને પામવા માટે કોઈ એને પથરો પણ મારે તો પથ્થરનો ઘા સહન કરીને લોકોને ફળ આપે છે. તો બીજો વિદ્યાર્થી કહે છે. સાહેબ આ ઝાડને તો માર ખાવાની જ આદત પડી છે પથ્થર ન મારીએ ત્યાં સુધી એ ફળ ન આપે. ત્યારે ટીચરે નેગેટીવ વિચારવાળા વિદ્યાર્થીને શિક્ષા આપી કે હમેશાં દરેક ચીજમાંથી, દરેક વ્યક્તિમાંથી પ્રકૃતિમાંથી ગુણ ઉઠાવવો જોઈએ. દરેક વ્યક્તિના વિચારોમાં અંતર હોય છે.

જેવી રીતે ક્લાસમાં કોઈ વિદ્યાર્થી સારા માર્કથી પાસ થાય છે. કારણ તેમના વિચારો સારા છે. ભણવામાં પૂરું ધ્યાન છે. કોઈ વિદ્યાર્થી ફેલ થાય છે તેના નેગેટીવ વિચારોને કારણે ભણવામાં ધ્યાન નથી આપી શકતા એટલે ફેલ થાય છે. આપણે આપણા જીવનમાં કોઈ કામયાબી હાંસલ કરવા માંગતા હોઈએ તો આજથી જ 'જાગ્યા ત્યારથી સવાર' કરી આપણે આપણા વિચારોને સકારાત્મક બનાવવા પડે. જે સદા સારું વિચારે છે. એનું ભલું જ થાય છે. જ્યારે આપણે સકારાત્મક વિચારીએ છીએ ત્યારે આપણા બધા જ કામ સારી રીતે પૂરા થઈ જાય છે. જ્યારે આપણે નકારાત્મક વિચારીએ છીએ ત્યારે આપણા બધા જ કામ સારી રીતે પૂરા કરી શકતા નથી. આધ્યાત્મિક જ્ઞાન અને રાજયોગ મેડીટેશનથી આપણા વિચારો સકારાત્મક બને છે. આધ્યાત્મિક જ્ઞાન દ્વારા આપણા જીવનમાં સાચી જાગૃતિ આવે છે. આપણા વિચારો આપણાં વાણી કર્મ કેવાં હોવાં જોઈએ. રાજયોગ મેડીટેશન દ્વારા આપણા જીવનમાં નેગેટીવ વિચારોને, વાણીને, કર્મને શ્રેષ્ઠ બનાવવાની શક્તિ આવે છે. આપણું જીવન પરિવર્તન થાય છે. તો આધ્યાત્મિક જ્ઞાન અને રાજયોગ મેડીટેશનનો રોજ આપણે અભ્યાસ કરીશું તો આપણા જીવનમાં સદા શાંતિ ખુશી આનંદ બની રહેશે.

॥ ઓમશાંતિ ॥

દિવ્યદર્શન

અલૌકિક દીવાળી

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

આજ દીપાવલી આઈ રે,

આજ દીપાવલી આઈ રે..

ભારતીય સંસ્કૃતિમાં અનેક તહેવાર માળાના મોતીની જેમ પરોવાયેલા છે. એટલા માટે ભારત દેશને તહેવારોનો દેશ કહેવામાં આવે છે. અહીં દરેક તહેવારની પાછળ કોઈને કોઈ ઐતિહાસિક, ભૌગોલિક, આધ્યાત્મિક કે વૈજ્ઞાનિક વિશેષતાઓની ભાવ-ભૂમિ હોવાને કારણે તેની સાર્થકતા સદૈવ સજીવ બનીને રહે છે. ભારતીય મૂળ સંસ્કૃતિ જાણવી હોય તો અહીંના સાહિત્યનો અભ્યાસ કરતા પહેલા પણ તહેવારોને સમજવા વધુ સરળ છે. એક બાજુ આ ઉમંગ-ઉત્સાહવર્ધક ઉત્સવો ભારતીય સંસ્કૃતિને સ્થિર રાખવામાં અને ટકાવી રાખવામાં ઉપયોગી છે તો બીજી તરફ સર્વને સ્નેહમિલનના હીંચકામાં હીંચી, ઉમંગ-ઉત્સાહ વધારવા માટે મદદગાર પણ છે. સમયની સાથે તહેવારોમાં આજે અનેક પ્રકારની કુરીતિઓ આવી જવાથી લોકો તેનો આધ્યાત્મિક અર્થ પણ સારી રીતે સમજી શકતા નથી અને દેખા-દેખી કરીને મનાવતા આવ્યા છીએ. જો લોકો આ તહેવારોનું ખરેખર આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક મહત્ત્વ સમજીને તેને અપનાવે તો આ ધરતીપરના પ્રત્યેક માનવી ફરી મૂલ્યવાન, ગુણવાન બની શકે છે. દીવાળી ઉત્તમ તહેવાર છે એટલા માટે જ તેના સત્ય રહસ્યને જાણવું પણ ખૂબ જરૂરી છે.

દીવાળી વિજ્ઞાન અને અધ્યાત્મનો સંગમ કરાવે છે. ચોમાસા પછી જ્યાં ત્યાં કચરાની જમાવટ અને ગંદકીને કારણે અનેક પ્રકારનાં રોગ ફેલાવાના શરૂ થઈ જાય છે. દીવાળીના પાવન પર્વ પર લક્ષ્મીપૂજન માટે લોકો પોતાના ઘરને સાફ-સૂફ કરી દે છે. ઘરના આંગણાની સુંદર સજાવટ કરી દીપ પ્રગટાવે છે. ફટાકડા ફોડીએ છીએ જેનાથી જુદા-જુદા પ્રકારનાં જંતુઓ અને માખી-મચ્છરો મરી જાય છે. કહેવાય છે કે સ્વાસ્થ્ય સમૃદ્ધિની જનની છે. તેટલા માટે જ દીપાવલી સુખ-શાંતિ અને સમૃદ્ધિનો સંદેશ લઈને દર વર્ષે આવે છે.

આ પર્વનો આધ્યાત્મિક પક્ષ એ છે કે આ કાર્તિક અમાસની કાળી અંધારી રાતે મનાવવામાં આવે છે. જે આત્માના અજ્ઞાન અંધકાર અને તમોપ્રધાનતાનું પ્રતીક છે. આ અજ્ઞાનતાના ભ્રમમાં ભ્રમિત આત્માઓ ડગલેને પગલે ઠોકરો ખાય છે. પતિત બની પતિત-પાવનનું આવાહ્ન કરે છે. દીપરાજ પ્રકાશપુંજ પરમપિતા અવતરણ કરી સૌ પ્રથમ પ્રજાપિતા બ્રહ્માબાબાના આત્માને જગાડે છે અને તેમના દ્વારા ગુણાત્મક રીતે આત્માઓની જ્યોતિ પ્રગટાવે છે. આવી રીતે અનેક આત્માઓની જ્યોતિ પ્રગટવાથી સર્વ વિકારો ભસ્મ થવા લાગે છે.

દિવાળીનો આધ્યાત્મિક પક્ષ એ પણ છે કે, જ્યારે શ્રીરામ આસુરી સ્વભાવવાળા રાવણના વંશનો નાશ કરી લક્ષ્મણ અને સીતાની સાથે અયોધ્યા પાછા ફર્યા ત્યારે સંપૂર્ણ નગર અને ગ્રામવાસીઓએ પોતાનાં ઘરો અને આંગણાઓને સજાવી દીપોત્સવ મનાવી તેમણે પણ તેમની ખુશી વ્યક્ત કરી. તેવા જ રામરાજ્યના આગમનની પ્રતીક્ષામાં લોકો દર વર્ષે દિવાળી મનાવી રહ્યાં છે.

આ પર્વનો ભૌગોલિક પક્ષ એ પણ છે કે વર્ષાઋતુથી ધરતી ધન-ધાન્યથી ભરપૂર થઈ જાય છે અને શરદઋતુના આગમનથી ગરમીની તપોપ્રધાનતા પણ ખલાસ થઈ જાય છે. આજ કારણે આપણા કૃષિપ્રધાન દેશમાં લોકો પોતાના પાકની હરીયાળી, ખુશહાલી અને સંપન્નતાને ઉત્સાહ અને ઉમંગથી પ્રદર્શિત કરવા માટે ફટાકડા ફોડે છે એ એકબીજાને ગળે વળગી શુભેચ્છાઓની આપ-લે કરે છે.

આ બધા રીતિ-રિવાજોની પ્રતિવર્ષ પુનરાવૃતિ થાય છે પણ આજે તહેવાર માત્ર ને માત્ર ખાવાપીવાના નામ માત્ર રહી ગયા છે. લોકોમાં હવે પહેલાંના જેવો જોશ કે ઉત્સાહ પણ જોવા નથી મળતો. લોકો ઔપચારિકતાવશ જ તે નિભાવી રહ્યાં છે, જેનાથી મનનો અંધકાર દૂર કરવાની જગ્યાએ દુષ્ચક્રોમાં આત્મા ફસાતો જાય છે. વર્તમાન સમયે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, અહંકાર, ઈર્ષા, દ્વેષ, આળસ અને આસક્તિ રૂપી રાવણના દશ માથા અને દેહઅભિમાન રૂપી ગધેડા સમાન બુદ્ધિવાળા માથાઓને એક સાથે હણવાની તાતી જરૂરિયાત દેખાઈ રહી છે. ત્યારબાદ પાવન આત્મારૂપી સીતાને માયાની જંજીરોમાંથી આઝાદ કરી શકાય.

અજ્ઞાન અંધકાર પર વિજય મેળવવા માટે, આપણે પરમાત્મ યાદ રૂપી અગ્નિબાણોનો પુરુષાર્થના ધનુષ્ય પર ધારણ કરી કળિકાલના આદિ, મધ્ય અને અંતના દુઃખદાયી વિકારોને જડથી ઉખાડી ફેંકવા પડશે. વર્તમાન સમયમાં પરમપિતા પરમાત્મા બ્રહ્માના તન દ્વારા જ્ઞાન, યોગ અને સેવા રૂપી હાથ ફેલાવીને આવાહ્ન કરી રહ્યાં છે કે તમારા વિકારોનું દાન કરી દો અને જન્મ જન્માંતર સુધી સુખ-શાંતિ પ્રાપ્ત કરવાના અધિકારી બનો.

મૃગતૃષ્ણા રૂપી કળિયુગી દુનિયાનો અંત હવે ખૂબ જ સમીપ છે. એટલા માટે જ પાંચ તત્વોના શરીર રૂપી પંચવટીની ઝૂંપડીમાં આત્મા રૂપી સીતા, માયાવી શક્તિઓથી ઘેરાયેલી છે કારણકે તેણે પવિત્રતા સુખ અને શાંતિનો આધાર આત્મિકવૃત્તિ રૂપી લક્ષ્યનું ઉલ્લંઘન કરી દીધું છે. હવે વાનર જેવા વિકારી મનુષ્યોનું નેતૃત્વ કરી સંસાર સાગર પર જ્ઞાન પુલ બાંધી રાવણ અને કુંભકર્ણ જેવા આસુરી તત્ત્વોને મારીને ભગાડવાનો સમય તમને પોકારી રહ્યો છે.

દિવાળીને દીપકોનો તહેવાર કહેવાય છે. દીવડા ખુશી, નવી આશા, રોશની અને શુભભાવનાઓનું પ્રતીક છે તેથી પૂજા અનુષ્ઠાન વગેરેમાં કાયમ દીવો પ્રગટાવીને રાખવામાં આવે છે. ઈશ્વરીય મિલન દ્વારા જ્યારે જીવન આલોકમય થઈ જાય છે ત્યારે સંસારના સર્વ કલહ-કલેષ દૂર થઈ જાય છે અને આ ધરતી સ્વર્ણિમ બની જાય છે. અજ્ઞાન અંધકારમાં ડૂબેલ મનુષ્ય આજે સ્થૂળ અંધકારને દૂર કરવા માટે કરોડો રૂપિયાના ફટાકડાઓ ફોડે છે. પણ તેમની ભીતરનો અંધકારતો યથાવત જ રહે છે. આજે મનુષ્યના માનસિક અંધકારને દૂર કરવાની સખત આવશ્યકતા છે. તેના માટે તેને મનમનાભવના મહામંત્ર દ્વારા શક્તિ અર્જિત કરીને મનનું સુનિયોજન કરવાની જરૂર છે. પિતાશ્રી બ્રહ્માની જેમ આપણી જીવન પદ્ધતિ દ્વારા એવું કર્મ દેખાવવું જોઈએ જેનાથી તન, મન અને સબંધ-સંપર્કમાં આવનારા સર્વ આત્માઓ ઈશ્વરીય સકાશ-પ્રકાશનો અનુભવ કરવા લાગે. હવે સદીયોના સ્વપ્નને સાકાર કરવા માટે આત્મદીપને પ્રગટાવવાની આવશ્યકતા છે.

સાંસારિક હદોના બંધનો સમાપ્ત થતાં જ જીવનમાં સુંગધ પ્રસરવા લાગે છે. આધ્યાત્મિક

વ્યક્તિત્વ ધરાવનાર ફરિશ્તા અને દેવતા બન્ને સ્વરૂપોને ધારણ કરી વૈજ્ઞાનિકોથી પણ તીવ્ર બુદ્ધિ બની જાય છે. આજે અનેક પ્રકારના તનાવથી દરેક માનવી ગ્રસ્ત છે. પરંતુ રૂહાની મૂલ્યોને આત્મસાત કરેલા આત્મા વસુન્ધરાના પ્રત્યેક કણ-કણમાં પોતાનો શુભભાવ મૂકતો જાય છે. સહનશીલ બની અવિરલ રૂપે સાધનાનો દીપ પ્રગટાવી તેને ઝગમગાતો રાખવો જોઈએ. ઈશ્વરીય જ્ઞાનથી ભરપૂર થતાં જ સર્વ વિકારો વિલુપ્ત થઈ, સત્યના દ્વારે લઈ જાય છે.

॥ ઓમશાંતિ ॥

નોંધ - લેખ મોડો મળતાં આ અંકમાં લેવામાં આવ્યો છે. - તંત્રી

જીવનને સુખમય બનાવી રાખવા માટે કોઈ અનુભવીએ કેટલાક નુસખા કહ્યા છે તેમાંથી તમે પણ લાભ ઉઠાવો.

1. વર્તમાન પરિસ્થિતિમાં એવું વિચારીને સંતોષ માનવો જોઈએ કે સ્થિતિ વધુ ખરાબ પણ હોઈ શકત.
2. જો આંગળીમાં કાંટો વાગે તો ભગવાનનો ખૂબ આભાર માનો કે તે આંખમાં નથી વાગ્યો.
3. તમારા એક દાંતમાં ખૂબ દર્દ થાય છે, પણ એ શું ઓછા આનંદની વાત છે કે તમારી આખી બત્રીસી નથી દુઃખતી ?
4. તમારી પાસે છાપું ખરીદવા માટે પૈસા ન હોય તો કશો વાંધો નહીં, એમ માનીને ખુશ રહો કે તમારે કચરાથી ભરેલી ગાડી ખેંચવી નથી પડતી.
5. રાતે મોડેથી મહેમાન આવી પડે, તો તેમના આતિથ્યની ચિંતામાં બહુ હેરાન ન થાઓ. એ સૌભાગ્ય છે કે મહેમાનો જ આવ્યા છે, પોલીસ નહીં.
6. ત્રીજા વર્ગમાં પાસ થયા હો તો દુઃખી ન થાઓ. જે મળ્યું છે તે તમારા જ પરિશ્રમનું ફળ છે. સારું થયું. તમારો નંબર નાપાસ થનારામાં નથી.
7. ઘરનો એક ભાગ બળી ગયો, તો દુઃખી ના થાઓ. ઈશ્વરનો આભાર માનો કે બાકીનું મકાન બચી ગયું, સામાન બચી ગયો, પ્રાણહાનિ ન થઈ.
8. તમારી પાસે જે વસ્ત્રો છે, જે ફર્નિચર છે તેનાથી સંતોષ માનો. તમારા પડોશી પાસે વધુ વસ્ત્રો અને ઉત્તમ ફર્નિચર હોય તેથી દુઃખી થવાની જરૂર નથી.
9. તમારો દીકરો શાળામાં શિક્ષક હોય તો પડોશીનો દીકરો ઈજનેર હોય એ માટે દુઃખી ન થાવ.

શરૂઆતની વાત હું ફરી કહું છું. કે આ લેખ એટલા માટે નથી લખાઈ રહ્યો કે તમે તમારી સ્થિતિ વિશે સંતોષ માનીને પ્રયત્નો કરવાનું છોડી દો, પણ એટલા માટે લખાયો છે કે **જીવનને નાહકનું દુઃખી ન બનાવતાં પ્રસન્ન રહેવાની ટેવ પાડો.**

રામેશ્વર દયાળ દુબે

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas D. Prajapati.

રાજુલા ખાતે 'સંપૂર્ણ સ્વાસ્થ્ય માટે સુંદર મન' કાર્યક્રમમાં બ્ર.કુ. ગંગાધરભાઈ, બ્ર.કુ. અનુજભાઈ, પીપાવાવ પોર્ટના કસ્ટમ કમિશનર ભ્રાતા વિજયભાઈ, ધારાસભ્ય ભ્રાતા આશિષભાઈ, બ્ર.કુ. અનુબેન.

અમદાવાદ સુખશાંતિભવનની મુલાકાતે પધારેલ 'સોશીયલ કારીયા સર્વિસ'ના ડાયરેક્ટર ફાધર જગદીશભાઈ, ફાધર ડેવીડ, કાર્યકર્તા શૈલેશભાઈ સાથે બ્ર.કુ. નંદિનીબેન, બ્ર.કુ. નંદાબેન, બ્ર.કુ. હેતલબેન.

રાજકોટ મેહુલનગર ખાતે નવરાત્રી મહોત્સવમાં ખોડલધામના ટ્રસ્ટી વલ્લભભાઈ, ભ્રાતા નાગજીભાઈને સૌગાત આપતાં બ્ર.કુ. ચેતનાબેન.

પાટણમાં 'ગીતા હોસ્પીટલ'નું રીબીન કાપી ઉદ્‌ઘાટન કરતાં બ્ર.કુ. નીલમબેન સાથે ઑનર ડૉ. કાંતિભાઈ પટેલ તથા પરિવાર.

ઝાલોદ તાલુકા પંચાયતમાં 'વિજ્યાદશમી' કાર્યક્રમમાં બ્ર.કુ. પ્રીતિબેન, Dy.SP અશોકસિંહ ગોહિલ, ડૉ.વી.સી.ચૌહાણ, તાલુકા પંચાયતના પ્રમુખ વિલાસબેન, સ્વામીનારાયણ ગુરુકુળના ડી.કે.સ્વામી.

સુરત વરાછા સેવાકેન્દ્રમાં શ્રાધ્ધ નિમિતે 'જીતેજી મરજીવા ભોગ' બાદ ભોગનો સંદેશ આપતાં બ્ર.કુ. રુકમણિબેન સાથે બ્ર.કુ. ટીનાબેન.

તિલકવાડા તાલુકા પંચાયત કચેરીમાં સંદેશ આપ્યા બાદ તાલુકા પ્રમુખ ભ્રાતા મહેન્દ્રભાઈ તથા કર્મચારીઓ સાથે બ્ર.કુ. કિષ્નાબેન.

ઉંમરગામમાં એમ.કે.મહેતા વિદ્યાસંકુલના આચાર્ય, શિક્ષકગણ, વિદ્યાર્થીઓને ઈશ્વરીય સંદેશ આપ્યા બાદ સમૂહમાં બ્ર.કુ. રંજનાબેન.

Gyan Amrit Vol.12 | Issue 11 | November 2019 | Retail Price - 12/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842.
Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2017-2019 Vaild up to 31st December-2019 Issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 4th of every month.

રાજકોટ સબઝોનનાં 'સુવર્ણજયંતી મહોત્સવ' અંતર્ગત આયોજીત '૫૬ સેવા રત્નોંનું સ્વર્ણિમ સન્માન' કાર્યક્રમમાં શુભેચ્છા આપતાં કર્ણાટકના મહામહિમ રાજ્યપાલ શ્રી વજુભાઈ વાળા, ગુજરાત ઝોન ઈન્ચાર્જ રાજયોગિની ભારતીદીદી, દિલ્હી ORCના ડાયરેક્ટર બ્ર.કુ. આશાબેન, બ્ર.કુ. મૃત્યુંજયભાઈ, બ્ર.કુ. અમરબેન તથા સન્માનીય બહેનો સાથે વિશાળ બ્રહ્માવત્સોની સભા.

રાજકોટ અવધપુરી ખાતે 'હેલ્દી માઈન્ડ હેપ્પી લાઈફ' કાર્યક્રમમાં રીટાયર્ડ આર્મી કર્નલ ભ્રાતા પી.પી.વ્યાસ, ગુજરાત ઝોન ઈન્ચાર્જ રાજયોગિની ભારતીદીદી, દિલ્હી ORCના ડાયરેક્ટર બ્ર.કુ. આશાબેન, બ્ર.કુ. રેખાબેન.

બાંટવા ખાતે '૩૨મા વાર્ષિક ઉત્સવ' નિમિત્તે 'સીનીયર સીટીઝનના સન્માન' કાર્યક્રમમાં મંચસ્થ બ્ર.કુ. દમયંતીબેન, બ્ર.કુ. હરીશભાઈ, બ્ર.કુ. મધુબેન સાથે સન્માનીય બ્રહ્માકુમાર ભાઈ-બહેનો.

લોસ એન્જલૉસમાં સનાતન ધર્મના મંદિરમાં 'ક્ષમા કરવાની કળા' કાર્યક્રમમાં બ્ર.કુ. વેદાંતીબેન, બ્ર.કુ. ગીતાબેન તથા અતિથિગણ.

વડોદરા ગ્લોબલ હોસ્પીટલ દ્વારા આયોજીત 'પેઈન રીલીફ કેમ્પ'માં યોગ સ્પેશીયાલીસ્ટ ડૉ. કેતનભાઈને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. રાજબેન.